કચ્છ અને ગાંધીનગરથી ગુજરાતી અને હિન્દી ભાષામાં એકસાથે પ્રસિદ્ધ થતું એકમાત્ર દૈનિક

http://www.chanchal.co | chanchal61@yahoo.com | chanchal news | chanchal news | +91 94276 13250

Date : 15-04-2023, Saturday • Issue NO. : 282 • Year : 41 • Page : 4 • Price : 0.60

ચંચળ

ભુજ આવૃત્તિ

R.N.I. Reg. No. 48472/80 | તંત્રી : જયેન્દ્ર ઉપાધ્યાય | તા. ૧૫-૦૪-૨૦૨૩, શનિવાર • અંક નં. ૨૮૨ • વર્ષ : ૪૧ • પાના : ૪ • REGD: GKCH-36/2018-20

ચંચળ દૈનિક
આપની સંસ્થાના
સમાચાર ઈ-મેલ પર મોકલો
E-mail : chanchal61@yahoo.com
જાહેરાત આપવા માટે સંપર્ક કરો
ગાંધીનગર : ૯૪૨૭૬ ૧૩૨૫૧, ભુજ : ૯૪૨૭૬ ૧૩૨૫૦

દેશમાં આવી નવી બિમારી! PM મોદીએ નામ લીધા વગર જ કોંગ્રેસને બરાબરની ધમરોળી

ગુવાહાટી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આસામના વસંત ઉત્સવ 'રોંગાલી બિહુ'ના પહેલા દિવસે શુક્રવારે એક દિવસની મુલાકાતે ગુવાહાટી પહોંચ્યા હતા. અહીં તેમણે ૧૪,૩૦૦ કરોડ રૂપિયાની વિવિધ વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. પ્રધાનમંત્રીએ રૂ ૧૧૨૦ કરોડના ખર્ચે બનેલ ગુવાહાટી **AIIMS**નું ઉદ્ઘાટન કર્યું, જેનો શિલાન્યાસ મે ૨૦૧૭માં તેમના દ્વારા કરવામાં આવ્યો હતો. આ દરમિયાન પીએમ મોદીએ કોંગ્રેસનું નામ લીધા વિના જ તેના પર આકરા પ્રહારો કર્યા હતાં.

આ ઉપરાંત, તેમણે ૫૦૦ પથારીની ત્રણ મેડિકલ કોલેજો, નલબારી મેડિકલ કોલેજ, નાગાંવ મેડિકલ કોલેજ અને કોકરાઝાર મેડિકલ કોલેજ આસામના લોકોને સમર્પિત કરી હતી. ગુવાહાટી એરપોર્ટ પર રાજયપાલ ગુલાબચંદ કટારિયા અને મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ વડાપ્રધાન મોદીનું સ્વાગત કર્યું.

પીએમ મોદીએ કહ્યું હતું કે, 'બિહુ ઉત્સવ માટે આપ સૌને શુભકામનાઓ. આ શુભ અવસર પર આસામના ઉત્તર-પૂર્વના સ્વાસ્થ્ય માળખાને આજે એક નવી તાકાત મળી છે. આજે ઉત્તર-પૂર્વને તેની પ્રથમ **AIIMS** મળી છે અને આસામને ત્રણ નવી મેડિકલ કોલેજો મળી છે. છેલ્લા નવ વર્ષમાં અમે ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ પર કામ કર્યું છે અને તેથી જ દરેક વ્યક્તિ કનેક્ટિવિટી સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ વિશે વાત કરે છે. અમે તમારા સેવક હોવાની લાગણી સાથે કામ કરીએ છીએ, તેથી ઉત્તરપૂર્વ અમને દૂર નથી લાગતું અને તમારી લાગણી પણ રહે છે. આજે નોર્થ ઈસ્ટના લોકોએ આગળ વધીને વિકાસની લગામ જાતે જ હાથમાં લીધી છે. ભારતના વિકાસના મંત્ર સાથે આગળ વધી રહ્યા છીએ.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસનું નામ લીધા વગર જ આકરા પ્રહારો કરતા કહ્યું હતું કે, જો હું પૂર્વોત્તરના વિકાસની વાત કરું તો દેશભરમાં મારી મુલાકાતો દરમિયાન કેટલાક લોકો ક્રેડિટ ન મળવાની ફરિયાદ કરવા લાગે છે. તેઓ ક્રેડિટ ભૂખ્યા હતા અને તેથી ઉત્તરપૂર્વ તેમના માટે ખૂબ દૂર હતું. જો કે અમે લોકોના ભલા માટે કામ કરીએ છીએ. પીએમ મોદીએ કહ્યું હતું કે, આજકાલ એક નવો રોગ જોવા મળી રહ્યો છે. તેઓ ફરિયાદ કરે છે કે, તેઓએ પણ દાયકાઓ સુધી દેશ પર શાસન કર્યું, પરંતુ શા માટે તેમને ક્રેડિટ ના મળી? ક્રેડિટ ભૂખ્યા લોકો અને જનતા પર રાજ કરવાની ભાવનાએ દેશને ઘણું નુકસાન પહોંચાડ્યું છે. વોટબેંકના બદલે અમે દેશના લોકોની મુશ્કેલીઓનું નિરાકરણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. અમારી બહેનોએ સારવાર માટે દૂર જવું ન પડે તેવો અમારો હેતુ હતો. અમે નક્કી કર્યું છે કે કોઈ પણ ગરીબ વ્યક્તિએ પૈસાના અભાવે તેની સારવાર મુલતવી ન રાખવી જોઈએ.

પીએમ મોદીએ કહ્યું હતું કે, અગાઉની સરકારોની નીતિઓને કારણે અમારી પાસે ડોક્ટરો અને મેડિકલ પ્રોફેશનલ્સની સંખ્યા ઓછી હતી. ભારતમાં ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળમાં આ એક મોટો અવરોધ હતો. તેથી છેલ્લા ૯ વર્ષોમાં અમારી સરકારે દેશમાં મેડિકલ ઈન્ફ્રા અને મેડિકલ પ્રોફેશનલ્સની સંખ્યા વધારવા માટે કામ કર્યું છે. તેમણે કહ્યું હતું કે, ૨૦૧૪ પહેલા ૧૦ વર્ષમાં માત્ર ૧૫૦ મેડિકલ કોલેજો બની હતી, છેલ્લા ૯ વર્ષમાં અમારી સરકારમાં લગભગ ૩૦૦ નવી મેડિકલ કોલેજો બની છે. છેલ્લા ૯ વર્ષમાં દેશમાં **MBBS**ની બેઠકો પણ બમણી થઈને ૧ લાખથી વધુ થઈ ગઈ છે. હું સમજું છું કે સારવાર માટે પૈસા ન હોવા એ ગરીબો માટે મોટી ચિંતા છે અને તેથી જ અમે આયુષ્માન ભારત યોજના શરૂકરી છે. પીએમે ઉમેર્યું હતું કે, હું જાણું છું કે મોંઘી દવાઓ ગરીબ અને મધ્યમ વર્ગ માટે મોટી ચિંતા છે અને તેથી અમારી સરકારે સસ્તી દવાઓ માટે ૯,૦૦૦ થી વધુ જન ઔષધિ કેન્દ્રો ખોલ્યા છે.

પીએમ મોદીએ આ મેડિકલ કોલેજોનું વર્ચ્યુઅલ રીતે ગુવાહાટીથી જ ઉદ્ઘાટન કર્યું હતું. વડાપ્રધાને ઔપચારિક રીતે 'આપકે દાવો આયુષ્માન' ઝુંબેશની શરૂઆત કરી અને ૩ પ્રતિનિધિ લાભાર્થીઓને આયુષ્માન ભારત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના **(AB-PMJAY)** કાર્ડનું વિતરણ કર્યું. ત્યાર બાદરાજ્યના તમામ જિલ્લાઓમાં લગભગ ૧.૧ કરોડ કાર્ડનું વિતરણ કરવામાં આવશે. આ સિવાય પીએમ મોદીએ આસામ એડવાન્સ્ડ હેલ્થ કેર ઈનોવેશન ઈન્સ્ટિટ્યૂટ **(AAHII)** નો શિલાન્યાસ પણ કર્યો. 'આત્મનિર્ભર ભારત' અને મેક ઈન ઈન્ડિયાના વડાપ્રધાનના વિઝનને સાકાર કરવાની દિશામાં આ એક પગલું છે. વડાપ્રધાને ઉદ્ઘાટન અને શિલાન્યાસ સમારોહમાં ઉપસ્થિત લોકોને પણ સંબોધિત કર્યા હતા.

૨૨ દેશોમાં તબાહી મચાવનારો વેરિયન્ટ પહોંચ્યો ભારત, ૧૦-૧૨ દિવસ વધુ મુશ્કેલ, WHO એ આપી ચેતવણી

નવી દિલ્હી

સમગ્ર દેશમાં કોરોનાના કેસોની ગતિ ઝડપથી વધી રહી છે અને છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં કોરોનાના ૧૧ હજારકેસ નોંધાયા છે. ૭ દિવસ પહેલા એટલે કે ૬ એપ્રિલે કોરોનાના ૫૩૩૫ કેસ નોંધાયા હતા. એટલે કે, એવું કહી શકાય કે ૭ દિવસમાં દૈનિક કેસ લગભગ બમણા થઈ ગયા છે. બીજી તરફ બુધવારે ૭૮૩૦, મંગળવારે ૫૬૭૬ અને સોમવારે ૫૮૮૦ કેસ નોંધાયા હતા. હોસ્પિટલોને એલર્ટ પર રાખવામાં આવી છે અને કેટલાક રાજ્યોમાં ફેસ માસ્ક પહેરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. કોરોનાને લઈને એક ચિંતાજનક સમાચાર આવ્યા છે કે એક નવો વેરિઅન્ટ ભારતમાં પહોંચ્યો છે અને તે ખૂબ જ ખતરનાક છે. આ નવા પ્રકારનું નામ **Arcturus** છે જે ક્રેકેન વેરિયન્ટ કરતાં ૧.૨ ગણો વધુ ચેપી છે.

Arcturus વેરિયન્ટ શું છે

Arcturus વેરિયન્ટ ઓમિક્રોનના ૬૦૦ થી વધુ સબ વેરિયન્ટમાંના એક છે. તે અત્યાર સુધીનું સૌથી ચેપી વેરિયન્ટ હોવાનું માનવામાં આવે છે. ' **Arcturus**' ને ઓમિક્રોન સબવેરિયન્ટ **XBB.1.16** નામ આપવામાં આવ્યું છે. આ ક્રેકેન વેરિયન્ટ **(XBB.1.5)** જેવું જ છે. આ વેરિયન્ટને સૌપ્રથમ જાન્યુઆરીમાં શોધી કાઢવામાં આવ્યો હતો. ન્યૂયોર્ક ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી શોના રાજેન્દ્રમ રાજનારાયણન અનુસાર, **Arcturus** વેરિયન્ટ કેલિફોર્નિયા, યુએસએ, સિંગાપોર, ઓસ્ટ્રેલિયા, વોશિંગ્ટન, ન્યૂ જર્સી, ન્યૂયોર્ક, વર્જિનિયા અને ટેક્સાસ સહિત ૨૨ દેશોમાં જોવા મળ્યો છે પરંતુ તેનાથી વધુ કેસ ભારતમાં જોવા મળ્યા છે.**Arcturus**ના કારણે ભારતમાં છેલ્લા મહિનામાં કોરોનાના કેસોમાં ૧૩ ગણો વધારો થયો છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા તેના પર નજર રાખવામાં આવી રહી છે અને કેટલાક અધિકારીઓના મતે આ વેરિયન્ટ ચિંતાનો વિષય હોઈ શકે છે.વૈજ્ઞાનિકોનું માનવું છે કે તે કોરોનાના અન્ય વેરિયન્ટ કરતાં વધુ ઘાતક હોઈ શકે છે. મહામારીના શરૂઆતના દિવસોથી વિપરીત, હવે કોરોનાના જે કેસ આવી રહ્યા છે તેના લક્ષણો ફ્લૂ જેવા જ છે. નિષ્ણાતોના મતે, આગામી ૧૦-૧૨ દિવસ સુધી કોરોનાના કેસ વધતા રહેશે પરંતુ તે પછી તે ઘટવા લાગશે.ડો. મારિયાના જણાવ્યા અનુસાર, નવા વેરિયન્ટની ગંભીરતામાં હજુ સુધી કોઈ ફેરફાર થયો નથી, પરંતુ બાયોલોજી રિસર્ચની વેબસાઈટ **BioRxiv** પર પ્રકાશિત ટોક્યો યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલા સંશોધનમાં જણાવવામાં આવ્યું છે કે **Arcturus** વેરિયન્ટ લગભગ ૧.૨ ગણો વધુ છે. ક્રેકેન વેરિયન્ટ કરતાં ચેપી છે. આવનારા સમયમાં તે આખી દુનિયામાં ફેલાઈ જશે.

વિશ્વની સૌથી ઊંચી આંબેડકરની પ્રતિમાનું હૈદરાબાદમાં અનાવરણ, પ્રકાશ આંબેડકર પણ રહ્યા હાજર

હૈદરાબાદ

તેલંગણાના મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવે હૈદરાબાદમાં ડો.બી.આર. આંબેડકરની જયંતિના અવસર પર તેમની ૧૨૫ ફુટની પ્રતિમાનું અનાવરણ કર્યું છે. આ અવસર પર ડો.બી.આર. આંબેડકરના પ્રપૌત્ર અને વંચિત બહુજન અઘાડીના અધ્યક્ષ પ્રકાશ આંબેડકર પણ હાજર રહ્યા હતા. આંબેડકરની પ્રતિમાના અનાવરણ પર હેલીકોપ્ટરથી ફુલોનો વરસાદ કરીને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવ્યો હતો.આ પ્રતિમા તેલંગણાના સચિવાલયની બાજૂમાં આવેલી છે. આ અગાઉ કેસીઆરે કહ્યું હતું કે, રાજય સચિવાલયની બાજૂમાં આવેલી આંબેડકરની પ્રતિમા ભારતમાં તેમની સૌથી ઊંચી પ્રતિમા હશે અને તે દરરોજ લોકોને આ પ્રશાસનને પ્રેરણા આપશે. મુખ્યમંત્રીએ કહ્યું કે, આંબેડકરની ભારતની સૌથી ઊંચી પ્રતિમા, જે રાજયના સચિવાલયની બાજૂમાં બુદ્ધ પ્રતિમાની સામે અને તેલંગણા શહીદ સ્મારકની બાજૂમાં આવેલી છે.તેમણે મંત્રીઓ અને

અધિકારીઓને સ્પષ્ટ આદેશ આપ્યા હતા કે, આંબેડકરની પ્રતિમાનું અનાવરણ ભવ્ય રીતે થવું જોઈએ અને સમગ્ર તેલંગણાના લોકો અને દેશ આ અવસરને મોટા પાયે મનાવે છે. કેસીઆરે જ્યારે આ પ્રતિમા લગાવવાનો નિર્ણય કર્યો ત્યારે ટેકનિક અને તેના નિર્માણને અંતિમ રુપ આપવામાં લગભગ બે વર્ષ જેટલો સમય લાગી ગયો. આટલો મોટો પ્રયાસ કરવા બદલ ૯૮ વર્ષિય મૂર્તિકાર રામવનજી સુતારના વખાણ કર્યા હતા. સરકાર પદ્મ ભૂષણથી સન્માનિત સુતારને આમંત્રિત કર્યા હતા અને તેમનું સન્માન કર્યું હતું.

ઉમેશ પાલ મર્ડરનું પ્લાનિંગ મારે ઈશારે જ થયું, અતિકે કર્યો ખુલાસો

બરેલી

માફિયામાંથી રાજકારણી બનેલો અતીક અહેમદ હાલ યુપી પોલીસની કસ્ટડીમાં છે. પોલીસ તેના ગુનાઓને લગતા એંગલ પર પ્રશ્નો પૂછી રહી છે. આ પૂછપરછમાં અતીક પોલીસની સામે પોતાનો ગુનો કબૂલી રહ્યો છે. આ દરમિયાન તેણે ૨૪ ફેબ્રુઆરીના રોજ થયેલા ઉમેશ પાલ હત્યા કેસમાં પોલીસની સામે અનેક કેસોમાં તેની સંડોવણી કબૂલી હતી.

અતીકે પોલીસ સમક્ષ કબૂલ્યું છે કે, હત્યાનું સમગ્ર પ્લાનિંગ તેનું હતું અને અસદ તેના ઈશારે જ હત્યામાં સામેલ થયો હતો. અતીકે જણાવ્યું કે અશરફે શૂટર્સની વ્યવસ્થા કરી હતી અને અસદની સાથે તમામ શૂટર્સ બરેલી જેલમાં અશરફને મળ્યા હતા અને તેના વિશે સંપૂર્ણ પ્લાનિંગ કર્યું હતું.

આતિકે પોલીસને જણાવ્યું કે, ઉમેશ પાલની હત્યા થવા પાછળ બે કારણો હતા, પહેલું કારણ એ છે કે ઉમેશ પાલ અપહરણનો કેસ છેલ્લા તબક્કામાં પહોંચી ગયો હતો. તો બીજું કારણ આપતા અતીકે કહ્યું કે, તે જે રીતે ખુલ્લેઆમ અમારી વિરુદ્ધ બોલી રહ્યો હતો તેનાથી સમાજમાં ખોટો સંદેશો જઈ રહ્યો છે.

તેથી જ અમે નક્કી કર્યું કે ઉમેશની ઘોળે દિવસે જ હત્યા કરી દેવામાં આવે જેથી અમારો ખૌફ બની રહે.. આતિકે કહ્યું કે, ઉમેશને તેના ઘરની બહાર બંને પોલીસકર્મીઓ સાથે મારી નાખવાનો તેનો આખો પ્લાન હતો. તેમણે કહ્યું કે, આ ઘટના બાદ અલ્હાબાદના લોકોને ખબર પડી કે અતીક હજુ જીવિત છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર પૂછપરછ દરમિયાન જ્યારે અતીકે પાકિસ્તાન અને **ISI** સાથે સંબંધ હોવાની કબૂલાત કરી ત્યારે યુપી પોલીસ ચોંકી ઉઠી હતી. માનવામાં આવી રહ્યું છે કે હવે પાકિસ્તાન એન્ગલની રજૂઆતને કારણે તપાસનો વ્યાપ વધી શકે છે. એટલું જ નહીં, આતિકની ગેરકાયદેસર હથિયારો અંગે પણ પૂછપરછ થઈ શકે છે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને CBI નું સમન્સ, પૂછપરછ માટે બોલાવાયા

નવી દિલ્હી

CBIએ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને પૂછપરછ માટે સમન્સ પાઠવ્યું છે. કેન્દ્રીય એજન્સીએ તેમને રવિવારે (૧૬ એપ્રિલ) સવારે ૧૧ વાગ્યે બોલાવ્યા છે. નવી લિકર પોલીસી કેસમાં સીબીઆઈ તેમની પૂછપરછ કરવા માંગે છે. **CBI** અધિકારીઓએ આ અંગે માહિતી આપી છે.**CBI**ના સમન્સ બાદ આમ આદમી પાર્ટીના નેતા સંજય સિંહે ટ્વીટ કરીને નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું, અત્યાચારનો ચોક્કસ અંત આવશે.

જણાવી દઈએ કે નવી દારૂનીતિના મામલામાં સીબીઆઈ દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાની ધરપકડ કરી ચૂકી છે. લાંબી પૂછપરછ બાદ ૨૬ ફેબ્રુઆરીએ **CBI** દ્વારા તેની ધરપકડ કરવામાં આવી હતી. આ અંગે આમ આદમી પાર્ટી સતત ભાજપ અને કેન્દ્ર સરકાર પર પ્રહારો કરી રહી છે.

શુક્રવારે જ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે મનીષ સિસોદિયાની ધરપકડને લઈને ભાજપ પર આડકતરી રીતે પ્રહારો કર્યા હતા.દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે, ઘણી રાષ્ટ્ર વિરોધી શક્તિઓ છે જે દેશને આગળ વધવા દેવા માંગતી નથી. તે નથી ઈચ્છતા કે ગરીબોના બાળકોને સારું શિક્ષણ મળે. ગરીબનું બાળક ભણે તો દેશ પ્રગતિ કરે, એ લોકો નથી ઈચ્છતા કે દેશ પ્રગતિ કરે. એવા લોકો કોણ છે જેઓ નથી ઈચ્છતા કે દેશ પ્રગતિ કરે? આ તમામ લોકોએ મળીને મનીષ સિસોદિયાને જેલમાં મોકલી દીધા હતા.અરવિંદ કેજરીવાલે કહ્યું કે, જે લોકોએ મનીષ સિસોદિયાને જેલમાં મોકલ્યા છે તેઓ દેશના દુશ્મન છે. ઈતિહાસ સાક્ષી છે કે જે વ્યક્તિએ શિક્ષણ ફેલાવવાનો પ્રયાસ કર્યો, ઈતિહાસમાં તેને સરમુખત્યારે ઉપાડીને જેલમાં મોકલી દીધો.

બૈસાખીના તહેવાર દરમિયાન થયો અકસ્માત

જમ્મુ-કાશ્મીરમાં ફૂટબ્રિજ ધરાશાયી, ૬ લોકો ઘાયલ

જમ્મૂ

જમ્મૂ-કાશ્મીરના ઉધમપુરમાં બૈસાખી ઉત્સવ દરમિયાન એક ફુટબ્રિજ પડી ગયો છે. આ દુર્ઘટનામાં ૬ લોકો ઘાયલ થયા છે. રેસ્ક્યૂ ઓપરેશન ચાલી રહ્યું છે. પોલીસ અને અન્ય ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ છે. આ ઘટના ચેનાની બ્લોકના બેન ગામની છે.

એસએસપી ઉધમપુર ડો. વિનોદે જણાવ્યું કે પુલ તૂટવાના કારણે અત્યાર સુધીમાં ૬ લોકો ઘાયલ થયા છે. પોલીસ અને અન્ય બચાવ દળ ઘટના સ્થળે પહોંચી ગયા છે. ઘાયલ લોકોને હોસ્પિટલ પણ પહોંચાડવામાં આવ્યા છે.મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે ઉધમપુરના બૈન ગામમાં બૈસાખીના ઉત્સવે મેળાનું આયોજન થાય છે. જેમાં વિશાળ સંખ્યામાં લોકો સામેલ થાય છે.

આ વખતે પણ મેળામાં ખૂબ જ ભીડ એકઠી થઈ હતી. આ દરમિયાન બ્રિજ પર વધારે લોકો એકઠા થવાથી આ દુર્ઘટના ઘટી. દાવો કરવામાં આવી રહ્યો છે કે ફુટબ્રિજ આ વિસ્તારના લોકોએ જ રૂપિયા ભેગા કરીને બનાવડાવ્યો હતો.

વિપક્ષની એકતા અંગે રાહુલ ગાંધીએ કહ્યું- અમે બધા એક છીએ: લોકસભા ચૂંટણી ૨૦૨૪ બાબતે શરદ પવારે ખડગે અને રાહુલ સાથે મુલાકાત કરી

નવી દિલ્હી

લોકસભા ચૂંટણી ૨૦૨૪ને લઈને વિરોધ પક્ષોના નેતાઓ એકબીજાને મળી રહ્યા છે. ઘણા નેતાઓ ભાજપને સત્તા પરથી હટાવવા માટે વિપક્ષી પાર્ટીઓ એકસાથે આવે તેવા પ્રયાસો કરી રહ્યા છે. આ અંતર્ગત **NCP** નેતા શરદ પવાર ગુરુવારે સાંજે રાહુલ ગાંધી અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને મળ્યા હતા. આ બેઠક દિલ્હીમાં ખડગેના નિવાસસ્થાને થઈ હતી. આ પહેલા રાહુલ બુધવારે નીતિશ કુમારને મળ્યા હતા.

બેઠક બાદ રાહુલે કહ્યું કે અમે બધા એક છીએ. સાથે જ ખડગેએ કહ્યું કે અમે દેશ અને લોકતંત્રને બચાવવા માટે એક થઈને લડવા માટે તૈયાર છીએ.

શરદ પવારે કહ્યું કે હું ઈચ્છું છું કે તમામ વિરોધ પક્ષના નેતાઓ સાથે વાતચીત થવી જોઈએ. મમતા બેનર્જી અને અરવિંદ કેજરીવાલ સાથે પણ વાત કરવી જોઈએ. આપણે જઈને તેમની સાથે વાત કરવી જોઈએ. અમે વિપક્ષને એક કરવા માટે બધાને સાથે લઈને આગળ વધીશું. નીતિશ કુમાર અને તેજસ્વી યાદવે બુધવારે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ઘરે રાહુલ

ગાંધી સાથે મુલાકાત કરી હતી. બેઠક બાદ નીતિશ અને રાહુલે મીડિયા સાથે વાતચીત કરી હતી. નીતિશ કુમારે કહ્યું કે અમારી વિપક્ષી એકતા પર ચર્ચા થઈ છે. વધુમાં વધુ પક્ષોને સાથે લાવવાનો પ્રયાસ છે. અમે સકારાત્મક વાતચીત કરી છે. રાહુલ ગાંધીએ કહ્યું કે નીતિશ જીની પહેલ ખૂબ સારી છે. વિપક્ષને એક કરવા માટે ઐતિહાસિક પગલું ભરવામાં આવ્યું છે. દેશના આક્રમણ સામે લડશે.

આ નેતાઓની બેઠકને દેશના રાજકારણ માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. કહેવામાં આવી રહ્યું છે કે આજે વિપક્ષી એકતા અંગે કોઈ પગલું ઉઠાવવામાં આવી શકે છે. નીતિશ કુમાર પહેલા પણ વિપક્ષી એકતાના સમર્થક રહ્યા છે. તેઓ ભૂતકાળમાં પણ કોંગ્રેસને સાથે લાવવાની વાત કરતા રહ્યા છે.

કેટલાક વિપક્ષી દળો તેમના પ્રસ્તાવની વિરુદ્ધ છે. આરજેડી અને કોંગ્રેસના નેતાઓનું કહેવું છે કે નીતીશ યુપીએના જુથને વધારી શકે છે. નીતિશ કુમાર વિપક્ષી પાર્ટીઓને કોંગ્રેસનું નેતૃત્વ કરવા માટે મનાવી શકે છે. જ્યાં સુધી પીએમ પદનો દાવો કરવાની વાત છે, નીતિશ પહેલા જ કહી ચૂક્યા છે કે તેઓ વડાપ્રધાન પદના ઉમેદવાર નથી અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પછી જ તેઓ નેતા તરીકે ચૂંટાશે.

બિહારના સીએમ નીતિશ કુમાર અને ડેપ્યુટી સીએમ તેજસ્વી યાદવે બુધવારે સાંજે દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ સાથે મુલાકાત કરી હતી. કેજરીવાલે બેઠક બાદ કહ્યું કે હાલ દેશ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યો છે. દેશની તમામ વિપક્ષી પાર્ટીઓ સાથે આવે અને સરકાર બદલે તે જરૂરી છે. અમે નીતિશ કુમાર દ્વારા લેવામાં આવેલી પહેલની સાથે છીએ.કેજરીવાલે વધુમાં કહ્યું કે અત્યારે દેશમાં આઝાદી પછી સૌથી ભ્રષ્ટ સરકાર છે. આપણે બધાએ સાથે મળીને કેન્દ્ર સામે ઊભા રહેવાનું છે.કેજરીવાલને મળ્યા બાદ નીતિશ કુમારે કહ્યું કે અમારી આખી વાતચીત પૂરી થઈ ગઈ છે. વિપક્ષી એકતા માટે અમે સાથે મળીને કામ કરીશું તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. તમામ પક્ષોને એક કરશે.

દેશ-વિદેશથી

વિશ્વના ૧૦૦ સૌથી પ્રભાવશાળી લોકોની યાદીમાં શાહરુખ ખાન અને નિર્દેશક એસએસ રાજામૌલીને મળ્યું સ્થાન

ટાઈમ મેગેઝિન દ્વારા વિશ્વના ૧૦૦ સૌથી પ્રતિભાશાળી લોકોની યાદી બહાર પાડવામાં આવી છે. જેમાં વિશ્વના ઉદ્યોગપતિઓથી લઈને ગાયકો, રાષ્ટ્રપતિઓ, કલાકારો અને લેખકોને સામેલ કરવામાં આવ્યા છે. ટાઈમ મેગેઝિનની આ યાદીમાં અભિનેતા શાહરુખ ખાન અને નિર્દેશક એસએસ રાજામૌલી તેમજ ભારતીય-અમેરિકન લેખક સલમાન રશ્દીનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.ટાઈમ મેગેઝિન ૧૦૦ સૌથી પ્રતિભાશાળી લોકોની પસંદગી ઘણા પરિમાણો પર કરવામાં આવે છે. મેગેઝિન અનુસાર, આ યાદી આબોહવા અને જાહેર આરોગ્યથી લઈને લોકશાહી અને સમાનતા સુધીના પરિબળોના આધારે નક્કી કરવામાં આવે છે. ટાઈમ મેગેઝિને કેટલાક વધુ માપદંડો સમજાવતા જણાવ્યું છે કે આ યાદીમાં જે લોકો સામેલ છે તેમાં પ્રખ્યાતથી લઈને શાબ્દિક રીતે અનામી સુધીના લોકોનો સમાવેશ થાય છે.સમયની આ યાદીમાં, વૈશ્વિક નેતાઓ અને સ્થાનિક કાર્યકર્તાઓ, કલાકારો અને રમતવીરો, વૈજ્ઞાનિકો, મોગલો અને ઘણા બધા લોકોને અલગ-અલગ ક્ષેત્રના આ યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. પ્રભાવશાળી વ્યક્તિત્વની નવી યાદીમાં આબોહવા-સહાયક વિશ્વ નેતાઓ સહિત રેકોર્ડ ૧૬ પર્યાવરણવાદીઓનો સમાવેશ થાય છે.

ચીનને લાગશે મોટો ઝટકો, અરુણાચલ પ્રદેશ બનશે ટુરિસ્ટ હબ

LAC પર ચીનની કાર્યવાહીનો યોગ્ય જવાબ આપવા માટે ભારતે અરુણાચલ પ્રદેશના સરહદી ગામોને 'પર્યટન કેન્દ્ર' બનાવવાની દિશામાં પગલાં લીધાં છે. નાગરિક-લશ્કરી ભાગીદારી હેઠળ સરહદી ગામોનું કાયાકલ્પ ચીનના કથિત મોડલ વિલેજ પ્રોગ્રામને ધૂળ ચટાડવા માટે તૈયાર કરવામાં આવી રહ્યો છે. ચીનની ગતિવિધિઓનો તેની જ ભાષામાં જવાબ આપવા માટે મોદી સરકારે વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ શરૂકર્યો છે. આ અંતર્ગત માત્ર સ્થાનિક અર્થવ્યવસ્થાને વેગ મળશે એટલું જ નહીં પરંતુ સરહદી ગામડાઓમાંથી સ્થળાંતર રોકવામાં પણ સફળતા મળશે. આ તમામ બાબતો એવા સમયે થઈ રહી છે જ્યારે ચીન સતત પૂર્વોત્તરના રાજ્યોને પોતાનું જાહેર કરવાનું ષડયંત્ર કરી રહ્યું છે.હિન્દુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ, આ સરહદી ગામોમાં હોમસ્ટે, ટ્રેકિંગ, કેમ્પિંગ સાઈટ્સ, એડવેન્ચર સ્પોર્ટ્સ અને આધ્યાત્મિક પ્રવાસન વિકસાવવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. નામ જાહેર ન કરવાની શરતે લોકોએ કહ્યું હતું કે અરુણાચલ પ્રદેશ સરકાર રાજ્યમાં બીજા વિશ્વ યુદ્ધના વિમાનોના કેશ સ્થળો પર પ્રવાસનને પ્રોત્સાહન આપવાનું વિચારી રહી છે.પૂર્વી અરુણાચલ પ્રદેશમાં ભારત-ચીન સરહદ પર કિબિથુ અને મેશાઈ ખાતે હોમસ્ટે, કેમ્પિંગ સાઈટ્સ, ઝિપ-લાઈન અને ટ્રેકિંગ સ્ટ્ર વિકસાવવાનું કામ પહેલેથી જ ચાલી રહ્યું છે. એટલું જ નહીં, રાજ્યના પૂર્વ ભાગમાં આવેલા અંજાવ જિલ્લાના અન્ય વિસ્તારોમાં સ્થાનિક આદિવાસીઓના ઘરો વિકસાવવાનું કામ પણ વેગ પકડવા લાગ્યું છે.

કર્ણાટક ચૂંટણીમાં 'નાટૂ-નાટૂ' ગીતની જગ્યાએ BJP લાવી 'મોદી-મોદી' ગીત

કર્ણાટકમાં વિધાનસભા ચૂંટણીમાં હવે એક મહિનાથી પણ ઓછો સમય બાકી છે. ભાજપ એટલે કે, ભારતીય જનતા પાર્ટી, જે ચૂંટણી પ્રચાર દરમ્યાન પોતાના નવા આઈડીયા માટે જાણીતી છે. આ વખતે રાજકીય પાર્ટીએ**RRR**ના નાટૂ નાટૂ સોંગનો ઉપયોગ કરીને પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં પોતાના કામને જનતા સામે રજૂ કરવા માટે એક નવા ગીતનો સહારો લીધો છે. આપને જણાવી દઈએ કે, હાલમાં જ આ ગીતને ઓસ્કર મળ્યો અને આપણે ગૌરવાન્વિત પણ થયા. રામ-ચરણ જૂનિયર એનટીઆર દ્વારા અભિનીત સોંગના સંગીતકાર એમએમ કિરવાની અને ગીતકાર ચંદ્રબોસે પોતાના કામ માટે ટ્રોફી જીતી હતી. હવે કર્ણાટકમાં રાજ્ય વિધાનસભા ચૂંટણી પહેલા મતદારોને રિઝવવા માટે ભાજપે આ લોકપ્રિય ગીતનો ઉપયોગ કરીને મતદારોને આકર્ષી રહી છે.

૮ મહિના પછી કોરોનાના નવા કેસ ૧૧ હજારને પાર: ૨૪ કલાકમાં ૧૧,૧૦૯ કેસ સામે આવ્યાં

૭ મહિના અને ૨૪ દિવસ પછી દેશમાં કોરોનાના નવા કેસ ૧૧ હજારને વટાવી ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૧ હજાર ૧૦૯ કેસ નોંધાયા છે, જ્યારે ૨૯ લોકોના મોત થયા છે. અગાઉ ગયા વર્ષે ૨૦ ઓગસ્ટે ૧૧ હજાર ૫૩૯ કેસ નોંધાયા હતા.સ્વાસ્થ્ય મંત્રાલયની વેબસાઈટ અનુસાર દેશમાં હાલમાં સક્રિય કેસ વધીને ૪૯ હજાર ૬૨૨ થઈ ગયા છે. અગાઉ, ગયા વર્ષે ૫ સપ્ટેમ્બરે, ૪૯ હજારથી વધુ સક્રિય કેસ હતા. આ સિવાય રોજનો પોઝિટિ

તંત્રી સ્થાનેથી...

ડો. આંબેડકરઃ જીવન અને વિચારધારા

આધુનિક ભારતના સામાજિક અને રાજકીય વિચારધારાના ક્ષેત્રે ડો.આંબેડકરનું સ્થાન ખૂબ મહત્વનું છે. સમાજ સુધારક હોવાની સાથે તેઓ એક મહાન રાજનેતા અને ભારતીય બંધારણના ઘડવૈયા હતા. વિશ્વના મહાન વિદ્વાનોમાં તેમની ગણતરી થાય છે. તેઓ ઉત્તમ કોટિક વિદ્વાન હતા. તેમની વિદ્વતાપૂર્ણ ક્ષમતાની સૌએ પ્રશંસા કરી છે. બાબાસાહેબે ભારતીય સમાજમાં વ્યાપેલી જાતિ પ્રથાને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી હતી. તેમણે જાતિ વ્યવસ્થાની વ્યવસ્થાને બે દષ્ટિકોણથી સમજાવી. તેમણે ખાસ ભારપૂર્વક જણાવ્યું હતું કે જાતિ પ્રથા નિશ્ચયવાદના સ્ઢિચુસ્ત સિદ્ધાંતો પર આધારિત છે જે આર્થિક કાર્યક્ષમતામાં પરિણમતી નથી. તેણે સમાજમાં ન તો સુધારો કર્યો છે અને ન તો કરી શકે છે. તે હિંદુઓ માટે નૈતિક અધઃપતન અને અવ્યવસ્થાનું કારણ બની ગયું છે. હિન્દુ સમાજના નૈતિક જીવન પર તેની ઘાતક અસર પડી છે. તેણે માનવશક્તિ અથવા સ્વ-જાગૃતિનું ઉલ્લંઘન કર્યું છે, અને જન કલ્યાણના માર્ગમાં અવરોધો ઊભા કર્યા છે. તેના કારણે હિંદુઓની ભક્તિ અને વફાદારીમાં ઘટાડો થયો છે. જ્ઞાતિવિરોધી સુધી જ તે સંકુચિત બની છે. તેના કારણે સામાજિક સદ્ગુણ, પ્રતિષ્ઠા રોગી બની છે અને નૈતિકતા જ્ઞાતિના બંધનોથી રક્ષિત થઈ છે. તેના કારણે તેને ન તો લાયક લોકો પ્રત્યે સહાનુભૂતિ છે કે ન તો ગુણવાન લોકો માટે આદર છે. જ્ઞાતિ વ્યવસ્થાના ચાર વર્ણ ભેદો સૌથી વધુ પ્રતિકૂળ છે, જેને હાસ્યાસ્પદ અને અતાર્કિક સમજવું જોઈએ. બાબા સાહેબે પણ જાતિ વ્યવસ્થાની સમસ્યાનો ઉકેલ શોધવાનો પ્રયાસ કર્યો હતો. તેમના મતે, જાતિ વ્યવસ્થાના વિનાશનો અર્થ એ નથી કે તેની ભૌતિક અવરોધનો નાશ કરવો જોઈએ, પરંતુ તેનો અર્થ એ છે કે તેમાં અર્થપૂર્ણ ફેરફારો લાવવા જોઈએ. હિંદુઓ જાતિ પ્રથાને માનતા નથી કારણ કે તેઓ અમાનવીય અને વિકૃત મનના છે પરંતુ તેઓ તેના સમર્થક છે કારણ કે તેઓ ઊંડે ઊંડે ધાર્મિક છે. આનો અર્થ એ સમજવો જોઈએ કે આ પ્રથાએ વ્યક્તિ કે સમાજને પોતાની પકડમાં રાખ્યો નથી, પરંતુ શાસ્ત્રોએ જાતિ વ્યવસ્થાને ચલાવવાનું શીખવ્યું છે. આવી સ્થિતિમાં, તે યોગ્ય છે કે જો શાસ્ત્રો પ્રત્યેની આપણી શ્રદ્ધા નષ્ટ થઈ જાય, તો આ સમસ્યાનો યોગ્ય ઉકેલ મળી શકે છે. દરેક સ્ત્રી-પુરુષને આ શાસ્ત્રોની ગુલામીમાંથી મુક્ત કરવાની આપણી ફરજ છે. વેદ અને સ્મૃતિઓમાં જે કંઈ પણ નિયમો અને વિનિયમો અથવા કૃત્યો લખવામાં આવ્યા છે, તે એ અર્થમાં અનૈતિક છે કે તે તમામ વર્ગો અથવા વર્ગો માટે એકસ્મતા નથી દર્શાવતા. આ પ્રકારની અસમાનતા શાસ્ત્રો દ્વારા બનાવવામાં આવી છે. જાતિ વ્યવસ્થાનો નાશ કરવા માટે જરૂરી છે કે લોકોના મનમાં ધાર્મિક આસ્થાઓ પ્રત્યે યોગ્ય વિવેક ઉત્પન્ન થાય જેથી તેઓ જાતિ અને વર્ણના હીન જાતિના ભેદોને નષ્ટ કરી શકે. ડો. આંબેડકરે આ મુદ્દા પર વિશેષ ભાર મૂકીને લખ્યું છે કે, 'જે ધર્મ જાતિ ભેદભાવ પેદા કરે છે તેનો નાશ કરવો જોઈએ અને તેને સુધારવો જોઈએ કારણ કે આમ કરવામાં કોઈ અધાર્મિકતા નથી.' બંધારણ સભામાં તેમની ભૂમિકાને જોતા તેમને આધુનિક ભારતનું 'મનુ' કહેવામાં આવે છે. તેઓ એ હકીકત માટે પ્રશંસનીય છે કે તેમણે સ્વતંત્ર ભારતનું બંધારણ બંધારણ સભામાં નિરંતર સમર્પણ અને અપાર મહેનતથી પસાર કરાવ્યું હતું. આ સંદર્ભે એસ. સહાયે કહ્યું હતું કે, "આઝાદીનો શ્રેય મહાત્મા ગાંધીને જશે અને તેને સંહિતા બનાવવાની જવાબદારી તેમના સૌથી કડવા વિવેચક, આપણા મહાન બંધારણના મહાન આર્કિટેક્ટ, ડો. આંબેડકરના શિરે રહેશે." કૃતજ્ઞતા પ્રાપ્ત કરવી એ એક લહાવો છે. પરંતુ સમગ્ર રાષ્ટ્ર તેમના માટે આભારી છે. તેમણે જે ગુણવત્તા સાથે બંધારણના મુસદ્દામાં વિવિધ જોગવાઈઓનું સંચાલન કર્યું તે માત્ર યાદગાર નથી પરંતુ આવનારી પેઢીઓ પણ તેમને યાદ રાખશે.ભારત રત્ન બાબાસાહેબ ડો.ભીમરાવ આંબેડકર અજોડ પ્રતિભાથી સમૃદ્ધ હતા. તેમણે ખંતપૂર્વક દેશની સેવા કરી. તેઓ માત્ર ભારતીય બંધારણના ઘડવૈયા જ નહીં પરંતુ આધુનિક ભારતના નિર્માતાઓમાંના એક હતા. તે તમામ ગુણોથી સંપન્ન હતો. તેઓ એક સાથે વિચારક, લેખક, વક્તા, પત્રકાર, રાજકારણી, સમાજ સુધારક, ન્યાયશાસ્ત્રી, શિક્ષક અને સંસદસભ્ય હતા. બાબા સાહેબે પણ મહિલાઓની મુક્તિ માટે મહત્તમ પ્રયાસો કર્યા હતા. તેઓ વારંવાર કહેતા હતા કે હિંદુ શાસ્ત્રોમાં જે આદેશો છે તે મુજબ શુદ્રો અને અસ્પૃશ્યોની સાથે સમગ્ર સ્ત્રી જાતિ પર ભલે ગમે તે જ્ઞાતિ હોય, તેના પર ખૂબ જ અત્યાચાર ગુજારવામાં આવે છે. જે દિવસોમાં હિંદુ કોડની વિચારણા કરવામાં આવી રહી હતી તે દિવસોમાં મેં ઘણી બધી યુવતીઓ અને વૃદ્ધ મહિલાઓને ઉચ્ચ જાતિની અને તેમના પતિઓ દ્વારા તરછોડાયેલી જોઈ છે અને તેમને તેમના જીવનનિર્વાહ માટે ચારથી પાંચ રુપિયાનું મામૂલી માસિક ભથ્થું આપવામાં આવ્યું હતું. તેણીને બાંધી દેવામાં આવી હતી અને તેણી તેના માતા-પિતા કે ભાઈ-બહેનો સાથે માત્ર એકલા રડીને દયનીય સ્થિતિના દિવસો પસાર કરી રહી હતી. આવી કમનસીબ બહેનો અને દીકરીઓને જોઈને તેમના વાલીઓના હૃદય પણ દુઃખી થયા. આવી મહિલાઓની કરુણાની વાતો સાંભળીને બાબા સાહેબનું દયાળુ હૃદય પીગળી જતું. બાબા સાહેબે સ્ત્રી શિક્ષણનું મહત્વ સમજ્યું. તેમનું માનવું હતું કે સમાજના કોઈપણ ભાગમાં જાગૃતિ લાવવામાં શિક્ષણની ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા છે, પછી તે મહિલાઓ, દલિત, પછાત વર્ગ કે અન્ય કોઈ હોય. મહિલા શિક્ષણનું મહત્વ સમજાવતા તેમણે કહ્યું હતું કે, 'શિક્ષણ એ સિંહણનું દૂધ છે. શિક્ષણ વિના જીવન અર્થહીન છે. કંઈક વિચારવાની, સમજવાની કે વિચારવાની શક્તિ માત્ર શિક્ષણ દ્વારા જ શક્ય છે.નાગપુરમાં મહિલા સંમેલનને સંબોધતા તેમણે કહ્યું હતું કે, 'લગ્ન એક ફરજ છે. તેને બોજ ન સમજો. બાળકોના લગ્નમાં ઉતાવળ ન કરો, તેમને શિક્ષિત બનાવો, તેમને પોતાના પગ પર ઊભા થવા દો. જ્યાં સુધી તમારા બાળકો લગ્નની જવાબદારીઓ નિભાવવા માટે માનસિક અને આર્થિક રીતે સક્ષમ ન થાય ત્યાં સુધી આ જવાબદારી તેમના પર ન લાદશો. એ પણ ધ્યાનમાં રાખો કે વધુ બાળકોને જન્મ આપવો એ ગુનો છે. લગ્ન કરનાર દરેક યુવતીએ ઘરના દરેક કામમાં, પરિવારની પ્રગતિમાં સહકાર આપવો જોઈએ. તેણીને મિત્ર બનવાનું શીખવો, તેના પતિના સાથી, ગુલામ નહીં. મને ખાતરી છે કે તમે આ શિક્ષણને અપનાવીને ખ્યાતિ અને કીર્તિ મેળવશો અને સમાજની પ્રગતિમાં સહભાગી થશો.

ગઢશીશામાં પશ્ચિમ કચ્છ પોલીસ વડા સૌરભ સિંઘ દ્વારા લોકદરબાર યોજાયો

ભુજ

આ પંથકના અંદાજિત ૬૦થી વધારે ગામડાંઓને સાંકળતા ગઢશીશા પોલીસ સ્ટેશન ખાતે પશ્ચિમ કચ્છ પોલીસ વડા સૌરભ સિંઘ દ્વારા વાર્ષિક ઈન્સ્પેકશન સાથે વિસ્તારના કનડતા પ્રશ્નોની ચર્ચા માટે લોકો, અગ્રણી તથા રાજકીય આગેવાનો, સરપંચો સાથે લોકદરબાર યોજાયે હતો. આમાં ગુનાખોરી ડામવા માટે પ્રજાને પણ સતત જાગૃત રહેવા તથા સાચી રજૂઆતો - ફરિયાદો પોલીસ તંત્રને કરવા પોલીસવડા સૌરભ સિંઘે જણાવ્યું હતું તથા ગઢશીશા પંથકને અબડાસા વિસ્તાર સાથે જોડતો ગઢશીશા-મોથાળા માર્ગ સત્વરે બને તેવી રજૂઆત તેમજ ગ્રામ્ય વિસ્તારમાં અવિરત પોલીસ પેટ્રોલિંગ પણ જારી રાખવા તેમણે ખાતરી આપી હતી. આ લોકદરબારમાં નાયબ પોલીસવડા એ.આર. જન્કાતએ પણ તંત્ર પાસે સાચી જ રજૂઆત અને ફરિયાદો કરવા

જણાવી ભૌગોલિક પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. ગઢશીશા ઈ.પો.ઈ. ડી.એન. વસાવાએ શાબ્દિક આવકાર બાદ વિસ્તારના લોકોની સંઘભાવના બિરદાવી હતી. ન્યાય સમિતિ ચેરમેન કેશવજીભાઈ રાંભિયાએ મોથાળાને જોડતા માર્ગ પરથી ભારે વાહન અને ઓવરલોડની વાત કરી હતી. જ્યારે કારોબારી ચેરમેન હરેશભાઈ રંગાણી, રત્નાપર સરપંચ મહેન્દ્રભાઈ રામાણીએ પણ વાડીવિસ્તારમાં થતી ચોરી અટકાવવા રજૂઆતો કરી હતી. શેરડીના સરપંચ પુત્ર અને ધારાશાત્રી રમણીક ગરવાએ બેફામ બનેલી ખનિજચોરી અટકાવવા ભારપૂર્વક રજૂઆત સાથે અમૂક તત્ત્વો દ્વારા તેમના પર રાગ-દ્વેષ રાખતા હોવાની રજૂઆત કરી હતી. વિસ્તારના મુસ્લિમ અગ્રણી અબ્દુલભાઈ ઉમર રાયમાએ આગામી દિવસોમાં અખાત્રીજના દિને આ વિસ્તારમાં યોજાનાર સમાજિક, શૈક્ષણિક, ધાર્મિક કાર્યક્રમોમાં પુખ્તા પોલીસ બંદોબસ્ત સાથે સુલેહ-શાંતિ જળવાય તેવી ભારપૂર્વક રજૂઆત કરી હતી, જ્યારે અગ્રણી સુનીલભાઈ ચોથાણીએ ગઢશીશા વિસ્તારમાંથી સલાહકાર સમિતિમાં સભ્યપદ માટેની માગણી મૂકી હતી.આ લોકદરબારમાં રાજેન્દ્રગિરિ ગોસ્વામી, હિંમતસિંહ જાડેજા, સંજયગિરિ ગોસ્વામી, મોહનસિંહ વાઘેલા, અનિરુદ્ધસિંહ જાડેજા, શિવુભા જાડેજા, લખમણ છભાડિયા, કાસમ રાયમા, ગોવિંદભાઈ ચાવડા, યશપાલસિંહ જાડેજા, નિર્મળસિંહ સોઢા, કાનજીભાઈ નારાણ સંગાર, સંગાર સમાજ અગ્રણી શિવજીભાઈ સંગાર, યોગીરાજસિંહ જાડેજા, વિમલસિંહ જાડેજા, કાંતિભાઈ સંગાર, અરવિંદ સંગાર, કુંવરજીભાઈ પારસિયા, મહેન્દ્રભાઈ સેંઘાણી, મગનભાઈ ભીમાણી (વરઝડી), સરપંચો- વિરાણીગઢના લાલજીભાઈ મહેશ્વરી, રામપરના સુરેશભાઈ કારા, રાજપરના છગનભાઈ પરમાર, દેવપર (ગઢ)ના ચાંપશી છેડા, પ્રેમચંદભાઈ સેંઘાણી, હાજી આમદ રાયમા, કરશનજી જાડેજા, ભરતસિંહ જાડેજા (પોલડિયા), રાજુભા ઝાલા (મકડા) વિગેરે અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપ દ્વારા જ્યોતિબા ફુલેની જન્મજયંતિએ હારારોપણ કરાયું

ભુજ

ભારતીય જનતા પાર્ટી દ્વારા ચાલી રહેલા સામાજીક ન્યાય સપ્તાહ અંતર્ગત ભુજ શહેર ભાજપ અને બક્ષીપંચ મોરચા દ્વારા મહાન સમાજ સુધારક અને વિચારક શ્રી જ્યોતિરાવ ગોવિંદરાવ ફૂલે (જ્યોતિબા ફૂલે)જી ની જન્મજયંતિ નિમિતે કચ્છ જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે હારારોપણ અને પરિસંવાદના કાર્યક્રમનું આયોજન જિલ્લા ભાજપ અધ્યક્ષ અને ભુજ વિધાનસભાના ધારાસભ્ય શ્રી કેશુભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં જિલ્લા બક્ષીપંચ મોરચા ના મહામંત્રી વિનુદાનભાઈ ગઢવી એ જ્યોતિબા ફૂલે જી ના જીવન ચરિત્ર નું વાંચન કર્યું હતું. ૧૧મી એપ્રિલ ૧૮૨૭ના જન્મેલા જ્યોતિબા ફૂલે એક સામાજીક કાર્યકર,

ઉદ્યોગપતિ, સમાજ સુધારક અને એક સારા લેખક પણ હતા. તેમણે પુણે ખાતે કન્યાઓ માટે પ્રથમ શાળા પણ શરુ કરી હતી. કેશુભાઈ પટેલે પોતાના ઉદબોધન માં જણાવ્યું હતું કે જ્યોતિબા ફૂલે એક મહાન સમાજ સુધારક હતા અને તેમણે સૌને સમાન અધિકારો મળે એ માટે તમામ જાતિ અને ધર્મ ના લોકો ને સાથે રાખી "સત્યશોધક સમાજ" ની રચના કરી હતી. આ કાર્યક્રમમાં જીલ્લા ભાજપ મહામંત્રી શીતલભાઈ શાહ, ઉપપ્રમુખ પચાણભાઈ સંજોટ, મંત્રી પ્રફુલસિંહ જાડેજા, પ્રદેશ મહિલા મોરચાના ઉપાધ્યક્ષ ચંદ્રિકાબેન લીમ્બાચીયા, સામાજીક ન્યાય સામાહ કાર્યક્રમોના જીલ્લા ઈન્ચાર્જ રમેશભાઈ મહેશ્વરી, જિલ્લા મહિલા મોરચા અધ્યક્ષ ગોદાવરી બેન ઠકકર, બક્ષીપંચ મોરચાના જીલ્લા અધ્યક્ષ માવજીભાઈ ગુંસાઈ, ભુજ નગરપતી ઘનશ્યામભાઈ ઠકકર, ભુજ શહેર ભાજપના મહામંત્રીઓ જયદીપસિંહ જાડેજા અને ભૌમિકભાઈ વછરાજાની તેમજ શહેર સંગઠનના હોદેદારો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સેલ/મોરચાના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા ભુજ શહેર બક્ષીપંચ મોરચાના મહામંત્રી વિનોદભાઈ મોંઢ તેમજ શહેર બક્ષીપંચ મોરચાની ટીમે જહેમત ઉઠાવી હોવાનું ભુજ શહેર મીડિયા સહ ઈન્ચાર્જ ચેતન કતીરાની યાદીમાં જણાવાયું હતું.

દીકરીના લગ્ન માટે આર્થિક રીતે નબળા પરિવારને રાપરના ધારાસભ્ય મદદરૂપ

ક્ષત્રિય સમાજની ૨૧૭ દીકરીઓના લગ્નનો ખર્ચ ઉપાડ્યો

ભુજ

રાપરના ધારાસભ્યએ આર્થિક રીતે નબળા પરિવારની દીકરીના લગ્નનો ખર્ચ ઉપાડી લોકો માટે અનોખી પહેલ કરી છે. અગાઉ તેમણે પોતાના પુત્રના લગ્ન વખતે ક્ષત્રિય સમાજની ૨૧૭ દીકરીઓના લગ્નનો ખર્ચ ભોગવી અનોખી મિશાલ ઉભી કરી હતી. મૂળ ભચાઉના અને વિધાનસભાની ગત સામાન્ય ચૂંટણીમાં રાપર બેઠક પર ચૂંટાઈ આવેલા વીરેન્દ્રસિંહ જાડેજાએ મુન્દ્રા તાલુકાના એક ગામના આર્થિક રીતે નબળા પરિવારની દીકરીના લગ્ન માટે જરૂરી તમામ સામાન પૂરો પાડી માનવતા મહેકાવી હતી. સોશિયલ મીડિયાના માધ્યમથી મુન્દ્રા તાલુકાના એક ગામમાં એક પરિવાર દીકરીના લગ્ન આર્થિક સંકડામણના કારણે કરાવી શકે તેમ ન હોવાના સંદેશા વહેતા થયા હતા, જે સંદેશો તેમના ધ્યાનમાં આવ્યા બાદ ધારાસભ્યએ તાત્કાલિક તેમના મિત્રને ફોન કરી આર્થિક રીતે નબળા પરિવારની દીકરીને તેમજ લગ્ન માટે જરૂરી તમામ વસ્તુઓ સારી ગુણવત્તાની લઈ આપી તેનું બિલ મોકલી આપવા જણાવ્યું હતું. તેમણે પોતાના મિત્રને એ પણ ટકોર કરી હતી કે, તે પરિવારના ફોટા પાડવાના નથી કે, મદદ કરી તે માહિતી પણ લીક ન કરવા અને પરિવારનું સન્માન જાળવવા કહ્યું હતું. લોકો ધારાસભ્યના આ ઉમદા કાર્યને બિરદાવી રહ્યા છે. વીરેન્દ્રસિંહ અગાઉ માંડવી-મુન્દ્રા બેઠકના ધારાસભ્ય રહી ચુક્યા છે અને હાલે કચ્છ જિલ્લા રાજપૂત ક્ષત્રિય સભાના પ્રમુખપદે સેવા આપી રહ્યા છે.

ભુજ તેરાપંથ મહિલા મંડળે મહિલા પોલીસ માટે સન્માન કાર્યક્રમ યોજાયો

ભુજ

અખિલ ભારતીય તેરાપંથ મહિલા મંડળના નેજા હેઠળ તેરાપંથ મહિલા મંડળ ભુજ દ્વારા મહિલા પોલીસનો સન્માન કાર્યક્રમ યોજાયો હતો. પ્રારંભે, નમસ્કાર મહામંત્ર બાદ મંડળની કાર્યકારી બહેનોએ શાંતિ સંદેશનો ગીત રજૂ કર્યો હતો. પ્રમુખ જયશ્રી ખંડોરે શીતલબેન અને એમની ટીમનું સ્વાગત કર્યું હતું. ભુજ શહેર પોલીસ શી ટીમના ઈન્ચાર્જ હેડ કોન્સ્ટેબલ શીતલબેન નાઈ, કોન્સ્ટેબલ ગાયત્રીબેન બારોટ, રમીલાબેન શાહુ, ભાવનાબેન બરાડીયા, જયશ્રીબેન સાધુનું સ્વાગત અને સન્માન કારોબારીએ કર્યું હતું. શીતલ નાઈએ મહિલાઓ પર પોતાના વિચારો વ્યક્ત કર્યા અને મહિલાઓને જાગૃત રહેવાની પ્રેરણા આપી હતી. સંચાલન પ્રીતિ દોશી અને આભારવિધિ મંત્રી અશ્મિ બાબરીયાએ કરી હતી. તમામ કારોબારીએ જહેમત ઉઠાવી હોવાનું પૂર્વી બાબરીયાએ જણાવ્યું હતું.

ચોબારીમાં મજદૂર અધિકાર મંચની કાર્યશાળા તેમના હક, હિત અને વિવિધ યોજનાની માહિતી અપાઈ

ભુજ

પશ્ચિમ ભારત મજદૂર અધિકાર મંચ અંતર્ગત સંકલિત સંઘર્ષ સેવા સંસ્થા પાટડી દ્વારા કચ્છ જિલ્લા મજદૂર અધિકાર મંચની બે દિવસીય કાર્યશાળા યોજાઈ હતી. જેમાં મંચના કન્વીનર અશોક સમ્રાટ, ડો.જયતી માકડીયા, સંઘર્ષ સંસ્થાના સંસ્થાપક એલ.એસ.પરમાર, રોહિતભાઈ, મનસુખ ચૌહાણ, મહેશભાઈ, જયદીપભાઈ, પ્રકાશભાઈ, જિજ્ઞાબેન, આરતી ફફલ, રામજીભાઈ મેરિયા વિવિધ તજજ્ઞોએ તાલીમ આપી હતી. કચ્છમાં મોટી સંખ્યામાં મજદૂરી માટે આવતા પ્રવાસી મજદૂરના હક, અધિકારો, કાયદાઓની સમજણ અપાઈ તેમજ કચ્છમાં અસંગઠિત ક્ષેત્રના મજદૂરો, કંપની કામદારો, ખેત ભાગીયા, કડીયા કામગારો, દરેક મજુર વર્ગ માટે રાજ્ય સરકારે નક્કી કરેલા લઘુતમ વેતન જે કુશળ કામદારોને ૪૭૪, અર્ધ કુશળ કામદારોને ૪૬૨, અકુશળ કામદારોને ૪૫૨ મળવું જોઈએ તેનું પ્રચાર તેમજ મંજુર વર્ગના શોષણ, દમન જેવી બાબતોમાં મજદૂર હિતો તરફ કાર્યરત રહેશે. મહિલા અત્યાચાર, મજૂર વર્ગની સરકારી યોજનાઓને અમલીકરણ કરાવું, ઈશ્રમિક કાર્ડ, ઈનિર્માણ કાર્ડ, આયુષ્ય માન કાર્ડ તેમજ વિવિધ મજદૂર કામદારની યોજનાઓ મળી રહે તે માટે સરકાર સાથે સંકલન કરવા સગીર વિવિધ કાયદાની માહિતી અપાઈ હતી. કચ્છ જિલ્લાની મજદૂર અધિકાર મંચ કારોબારીની ચૂંટણી પ્રક્રિયા દ્વારા સર્વાનુમતે મહાસચિવ તરીકે નીલ વિઝોડા (સુનિલ રાઠોડ) તેમજ પ્રમુખ દિનેશભાઈ ચરપોટ, ઉપપ્રમુખ પ્રેમીલાબેન ચારેલ, ઉપપ્રમુખ પંકજ મૂડવાડા, મહામંત્રી સુમિત્રાબેન ભુરિયા, રમેશભાઈ ચરપોટ, રમણભાઈ ડામોર, હીરાભાઈ મૂડવાડા, રણછોડભાઈ મૂડવાડા, સરદારભાઈ મૂડવાડા, રાજેશભાઈ બારીયા તેમજ કારોબારી સભ્યો વરાયા હતા.

તા.૧૭થી ૨૬ એપ્રિલ સુધી ભુજ-મિરજાપર માર્ગ પરિવહન માટે બંધ

ભુજ

નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણીને લઈને તા.૧૭થી ૨૬ એપ્રિલ સુધી ભુજના પ્રિન્સ રેસીડેન્સી ત્રણ રસ્તાથી લઈને મિરજાપર સુધીનો માર્ગ નાના-મોટા તમામ વાહનો માટે બંધ રહેશે. કલેક્ટરે જાહેરનામું બહાર પાડીને વૈકલ્પિક રૂટ નિયત કર્યા છે.

ભુજ-મિરજાપર હાઈવે પર મિરજાપર ગામ નજીક નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી કરાશે, જેમાં કચ્છ ઉપરાંત દેશ-વિદેશમાં સ્થાયી થયેલા કચ્છી ભાઈ-બહેનો માદરે વતન આવી પહોંચશે, જેથી ટ્રાફિક નિયમન માટે તા.૧૭થી ૨૬ એપ્રિલ સુધી ભુજના પ્રિન્સ રેસીડેન્સી ત્રણ રસ્તાથી મિરજાપર સુધીનો માર્ગ પ્રતિબંધિત કરાયો છે. કચ્છ કલેક્ટર અમિત અરોરાએ જાહેરનામું બહાર પાડીને વૈકલ્પિક રૂટ નક્કી કર્યા છે, જે મુજબ મિરજાપરથી ભુજ આવતા નાના વાહનો મિરજાપર ભોલેનાથ પેટ્રોલપંપથી મિરજાપર નાકામાંથી પ્રવેશ કરી ભુજના ચંગલેશ્વર મહાદેવ મંદિર થઈને રિલાયન્સ સર્કલ પરથી ભુજ આવી શકશે. જયારે પાન્ધ્રો, દયાપર, હાજીપીર, નલિયા અને નખત્રાણાથી આવતા નાના વાહનો માનકુવા થઈને કોડકી ગામમાંથી રતિયા પાટિયાથી કોડકી ચાર રસ્તા (એરપોર્ટ રીંગરોડ) પરથી ભુજમાં પ્રવેશી શકશે. માંડવી તરફથી આવતા નાના વાહનો નારણપર ત્રણ રસ્તા થઈને હાઈલેન્ડ, સેનેટરી(ભારાપર) થઈ રિલાયન્સ સર્કલ થઈ ભુજ જઈ શકશે. મુન્દ્રાથી નખત્રાણા જવા માટે મુન્દ્રાથી આવતા વાહનો ભારાપર સેનેટરી થઈ હાઈલેન્ડ, ખત્રી તળાવ, માવજી તલાવડી, ભારાસર, માનકુવા થઈ નખત્રાણા અને નલિયા તરફ જઈ શકશે. માંડવીથી આવતા ભારે વાહનો નારણપર ત્રણ રસ્તા થઈ હાઈલેન્ડ, સનેટરી(ભારાપર), રિલાયન્સ સર્કલ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર થઈ નળવાળા સર્કલથી ગાંધીધામ, ભચાઉ જઈ શકશે. પાન્ધ્રો, દયાપર, હાજીપીરથી ભચાઉ, ગાંધીધામ આવતા-જતા ભારે વાહનો વિરાણી, દેવીસર, નિરોણા, લોરિયા ચેકપોસ્ટ થઈને ૩૬ ક્વાર્ટર ચાર રસ્તા થઈને નળવાળા સર્કલ થઈને ગાંધીધામ, ભચાઉ જઈ શકશે. ઉપરાંત નલિયા, નખત્રાણાથી ભચાઉ, ગાંધીધામ વચ્ચે આવ-જા કરતા ભારે વાહનો માનકુવા, ભારાસર થઈ ખત્રી તળાવ, હાઈલેન્ડ, સેનેટરી(ભારાપર, થઈને ભુજના રિલાયન્સ સર્કલ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સર્કલ થઈ નળ સર્કલથી ગાંધીધામ-ભચાઉ જઈ શકશે.

પૂર્વ કચ્છ પોલીસની SHE ટીમ વૃધ્ધોને મળી સહાયક બનશે

સાયબર ક્રાઈમની ઘટનાઓને ધ્યાનમાં રાખી સાયબર ક્રાઈમ જાગૃતિ તેમજ સિનિયર સિટીજનો માટે પોલીસ સહાયક બને તે ઉદેશથી પૂર્વ કચ્છ પોલીસની SHE ટીમને ખાસ તાલિમ અપાઈ હતી. સાયબર ક્રાઈમની વધતી જતી ઘટનાઓમાં મુખ્યત્વે લોકોમાં જાગૃતિનો અભાવ જણાય છે ત્યારે સિનિયર સિટિજન સાયબર ક્રાઈમનો શીકાર ન બને તેવા ઉદેશથી તા.૧૧/૪ થી તા.૨૨/૪ દરમિયાન સાયબર ક્રાઈમ અભિયાન કરવાનું આયોજન કરાયું છે જે અંતર્ગત પૂર્વ કચ્છ પોલીસની " SHE ટીમને ખાસ તાલિમ આપવામાં આવી હતી. નાયબ પોલીસ અધિક્ષક એ.વી.રાજગોર , સાયબર ક્રાઈમના પીઆઈ એ.એમ.વાળા, અને મહિલા પોલીસ મથકના પીઆઈ વી.એલ. પરમારની ઉપસ્થિતિમાં આ આયોજન કરાયું હતું . ડીવાયએસપી રાજગોરે જણાવ્યુ હતું કે ૧૦ સિનિયર સિટીજનની મુલાકાત લેવાશે અને તેમને સુરક્ષા બાબતે કે અન્ય પડતી મુશ્કેલીઓ બાબતે જાણકારી મેળવી ઉપરી અધિકારીને જાણ કરવાની રહેશે.

ડો.બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની ૧૩૨મી જન્મ જયંતી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શ્રદ્ધા સુમન પાઠવ્યા

બંધારણના ઘડવૈયા અને ભારત રત્ન ડો.બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની ૧૩૨મી જન્મ જયંતિએ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત વિધાનસભા પોડિયમમાં તેમના તૈલ ચિત્ર સમક્ષ ભાવ પુષ્પ અર્પણ કરી શ્રદ્ધા સુમન પાઠવ્યા હતા. ત્યાર બાદ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે પાટનગર ગાંધીનગરમાં ચ માર્ગ પર સેન્ટ્રલ વિસ્ટામાં સ્થાપિત ડો.આંબેડકર પ્રતિમાને ભાવ પુષ્પ અર્પણ કર્યા હતા. આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયા, ધારાસભ્ય શ્રી શંભુપ્રસાદ ટુંડિયા, ધારાસભ્ય શ્રી રમણલાલ વોરા, ગાંધીનગર મેયર શ્રી હિતેષભાઈ મકવાણા તથા ગાંધીનગરના ધારાસભ્ય શ્રીમતી રીટાબહેન પટેલ તથા વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી રમણસિંહ સોલંકી સહિતના અગ્રણીઓએ પણ ડો. આંબેડકરના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરીને ચ માર્ગ પર સ્થિત ડો. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ કરી હતી.

નરા ગામે રાપર ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજાનું વિશિષ્ટ બહુમાન કરાયું

ભુજ

ભચાઉ તાલુકાના નરા ગામે રાપર વિધાનસભા ધારાસભ્ય શ્રી અને કચ્છ જિલ્લા રાજપૂત ક્ષત્રિય સમાજ રત્ન પ્રમુખ શ્રી વીરેન્દ્રસિંહ બી.જાડેજા નું ઋણ સ્વીકાર અને વિષેશ સન્માન નરા સમસ્ત ગ્રામ દ્વારા કરવામાં આવ્યું હતું. નરા ગ્રામજનો એ રાપરના ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજાને રજૂઆત કરવામાં આવી હતી કે આધોઈ નરા માર્ગ ઘણા સમયથી બિસ્માર હાલતમાં છે જો તેનું કામ જલદી થાય તેવી માંગ કરાઈ હતી. આ સંદર્ભે ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા ગ્રામજનોને કહ્યું કે આ માર્ગનું ઉપર લેવલે લેખિતમાં આપી દીધું છે

આ કામ મંજૂરીમાં ટૂંક સમયમાં આ માર્ગ નું કામ હાથ ધરવામાં આવશે તેવું જણાવ્યું હતું. આ પ્રસંગે

જિલ્લા પંચાયત બાંધકામ ચેરમેન શ્રી જનકસિંહ જાડેજા ,સદસ્ય શ્રી નરેન્દ્રદાન ગઢવી, રાજૂભા જાડેજા રવ, રાપર તાલુકા પંચાયત પ્રમુખ શ્રી હમીરજી સોઢા, જિલ્લા ભાજપ વિકાસભાઈ રાજગોર, ગોકરભાઈ પટેલ,ભચાઉ તાલુકા ભાજપ પ્રમુખ શ્રી વાઘજીભાઈ આહિર,શ્રી ડોલર મહારાજ, રાજાભાઈ પટેલ , ગંભીર સિંહ જાડેજા, ભરતસિંહ જાડેજા, જસુભા જાડેજા, નરા સરપંચ શ્રી રણછોડજી જાડેજા, રાણુભા જાડેજા, પરાક્રમ સિંહ જાડેજા, ઉપેન્દ્રસિંહ ભરુડિયા,સહિત સરપંચો, ઉપ સરપંચો, શિવુભા જાડેજા, સ્

તેજસ્વિની ગ્રુપના સહયોગથી સ્લમ વિસ્તારના બાળકોએ રીજનલ સાયન્સ સેન્ટર ભુજની મુલાકાત લીધી

ભુજ,

સ્લમ વિસ્તાર ના બાળકો જેવો મોટા ભાગે મનોરંજન, શિક્ષણ તથા આનંદ થી વંચિત રહી જતા હોય તેવા બાળકો ભુજીયા ડુંગર ની તળેટી માં આવેલ વિજ્ઞાનના પાસાઓ ઉજાગર કરતી રીજનલ સાયન્સ સેન્ટર ભુજ ની મુલાકાત લઈ શકે તે હેતુથી તેજસ્વિની ગ્રુપ દ્વારા વિશેષ આયોજન તારીખ ૫ એપ્રિલ ના કરવામાં આવ્યો હતો જેમાં ૪૩ બાળકોએ આ લાભ મેળવ્યો હતો

તેજસ્વિની ગ્રુપ દ્વારા સ્લમસ વિસ્તારમાં ચાલતા તેજસ્વિની શક્તિ સંસ્કાર કેન્દ્રના પાંચ ઝુપડપટ્ટી વિસ્તારના ૪૩ થી વધુ બાળકોને રિજનલ સાયન્સ સેન્ટરની મુલાકાત યોજી હતી. તેજસ્વિની ગ્રુપના સંયોજક અને વોર્ડ નંબર : ૧૦ ના કાઉન્સિલર શ્રી મતી રસીલાબેન પંડ્યા (એડવોકેટ) તથા અન્ય મેમ્બર શ્રી મતી મનીષાબેન પટેલ તથા જયોત્સનાબેન ગુજ્જર બાળકોને રીજનલ સાયન્સ સેન્ટરની મુલાકાત કરાવવાની જહેમત ઉઠાવી હતી. આ કાર્યની શુભ શરૂઆત જ્યારે તમામ મહિલા મંડળ ના પ્રમુખોએ સેન્ટરની મુલાકાત લીધી હતી ત્યારે તેના બીજ રોપાયા હતા તે દરમ્યાન તમામ પ્રમુખોએ મંડળની મહિલાઓ અને બાળકો વિજ્ઞાન નું પરિચય મળે તે માટે મુલાકાત કરવા કહ્યું હતું અને તે દરમ્યાન શ્રી રસીલાબેન પંડ્યાએ ગરીબ બાળકો સેન્ટરની મુલાકાત લે તે માટે જણાવ્યું હતું તથા ત્યારે ઉપસ્થિત સારસ્વત સાગર પરિવારના પ્રમુખ શ્રી ભરત જોષી (જય અંબે) જણાવ્યું હતું કે બાળકોનું સેન્ટર માટેનું ખર્ચ તે ભોગવશે. આપેલા વચનોની શુભ શરૂઆત આરંભી. સેન્ટર ખાતે બાળકોને જ્ઞાનથી રોમાંચીત કરી આપે તેવી ગેલેરીઓની મુલાકાત શૈલ પાલન દ્વારા કરાવવામાં આવી ત્યારબાદ તેમને આકાશ દર્શન હેત આહિર દ્વારા કરાવવામાં આવ્યું. હિદયા ચિંતન આર્યાના જન્મદિવસ નિમિત્તે શ્રી મતી આરતી આર્યા દ્વારા બાળકોને નાસ્તો આપવામાં આવ્યું. તથા રોજનલ સાયન્સ સેન્ટર ના પ્રોજેક્ટ ડાયરેક્ટર ડો. રાજેન્દ્ર પટેલ દ્વારા બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. બાળકોની મુલાકાત કરાવવી તથા કાર્યક્રમને સફળ બનાવવાનું ફાળો આરતી આર્યા (ફેસિલીટી મેનેજર રીજનલ સાયન્સ સેન્ટર ભુજ) તથા જયદિપ જોષી અને રિંકલ જોષી ને ફાળે જાય છે. સમાજને ઉપયોગી ક્રાયક્રમ યોજવા જયદિપ જોષી (૯૯૯૮૧ ૦૩૨૩૪) નું સંપર્ક કરવું.

રાપરમાં આરબીએસકેની ગાડીઓ બંધ હોઈ સત્વરે ચાલુ કરવા રાપર પૂર્વ ધારાસભ્યએ રાજયના મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજુઆત કરી

રાપર,

રાપર વિધાનસભા હેઠળના પ્રજાના પ્રશ્નોને વાંચા આપતા અને લોકોના જીવન જરૂરિયાતના કામો કરવા માટે હરહંમેશ તત્પર એવા રાપર પૂર્વ ધારાસભ્ય શ્રીમતિ સંતોકબેન ભચુભાઈ આરેઠીયા એ ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા ગુજરાત રાજયના આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ તથા ગુજરાત વિધાનસભાના વિપક્ષી નેતાશ્રી અમિતભાઈ ચાવડા સહિત માન.મુખ્ય સચિવશ્રી ગુજરાત સરકાર તથા મુખ્ય સચિવશ્રી આરોગ્ય વિભાગ ગાંધીનગર સાથોસાથ કમિશનરશ્રી આરોગ્ય સેવાઓ અને તબીબી વિભાગ ગાંધીનગર સહિત કરછ કલેકટરશ્રી સમક્ષ રજુઆત કરતાં જણાવ્યુ હતું કે રાપર વિધાનસભા મતવિસ્તાર હેઠળના રાપર તાલુકામાં ઘણા સમયથી બાળકોની આરોગ્ય તપાસ બંધ હોઈ ઉપરાંત આરબીએસકે(રાષ્ટ્રીય બલ સ્વાસ્થ્ય કાર્યક્રમ) ગાડીઓની સુવિધા પણ બંધ છે.રાપર તાલુકામાં આરબીએસકે કાર્યક્રમ અંતર્ગત વાહનો મુકાયા ન હોઈ તેમજ રાપર વિધાનસભા મતવિસ્તાર હેઠળના રાપર તાલુકા ખાતે આરબીએસકે તથા તાલુકા હેલ્થ ઓફીસ માટે છ વાહન તેમજ સી.એચ.સી.યુ. માટે બે વાહન પૂરા પાડવા રજુઆત કરાઈ છે છતાં આજ દિન સુધી વાહન રજૂ કરવામાં આવ્યું નથી જેના કારણે રાપર તાલુકાની આરબીએસકે ની કામગીરી સંપૂર્ણ પણે બંધ હોઈ માટે તાત્કાલીક ધોરણે રાપર વિધાનસભા મતવિસ્તાર હેઠળના રાપર તાલુકાની આરબીએસકે(રાષ્ટ્રીય બલ સ્વાસ્થ્ય કાર્યક્રમ) ની કામગીરી ચાલુ કરવા રાપર વિધાનસભા વિસ્તારના પૂર્વ ધારાસભ્ય શ્રીમતિ સંતોકબેન ભચુભાઈ આરેઠીયા એ મુખ્યમંત્રી સહિત આરોગ્ય મંત્રીશ્રી સમક્ષ માંગ કરી હતી.

કચ્છ જિલ્લા મજુર સહકારી મંડળી લી. ફડચામાં લઈ જવાઈ

ભુજ,

શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છના અંતિમ આદેશ ક્રમાંક - ફડચ/૦૧/છ/૮૭/૨૦૨૩ તા.૧૫/૩/૨૦૨૩ થી શ્રી કચ્છ જિલ્લા મજુર સહકારી મંડળી લી., મું ભુજ, તાલુકોઃ ભુજ - કચ્છને ફડચામાં લઈ જવામાં આવેલી છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે જિલ્લા રજિસ્ટ્રાર , સહકારી મંડળીઓની કચેરી,ભુજની નિમણુંક કરવામાં આવી છે. જેની લાગતા વળગતાઓ એ નોંધ લેવી અને આ મંડળી પાસે જેમનું જે કંઈ લેણું હોય તેમણે તેનો હિસાબ જરૂરી આધાર પુરાવા સાથે. આ નોટીસ થી દિન-૬૦ માં નોંધ કરાવી જવી અથવા રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલી આપવી. જો કોઈ રજુઆત કરવામાં નહી આવે તો મંડળીના દફતર મુજબની જે કંઈ બાકી હશે તે મુજબ આગળની ફડચો આટોપવાની કાર્યવાહી કરવામાં આવશે, જેની નોંધ લેવી. મંડળીના બાકીદારોએ તુંરત જ મંડળીનું ચુકતે લેણું ભરી જવા ફડચા અધિકારી અને સહકારી અધિકારી(ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર , સહકારી મંડળીઓની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

ટુ-વ્હીલરના પસંદગીના નંબર મેળવવા ગોલ્ડન, સિલ્વર નંબરોની સિરિઝનું રી-ઓકશન કરાશે

ભુજ,

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, ભુજ - કચ્છની અખબાર યાદી મુજબ ટુ-વ્હીલરના ગોલ્ડન, સિલ્વર નંબરોની સિરિઝ જીજે-૧૨-ઈએસ, જીજે-૧૨-ઈઆર, જીજે-૧૨-ઈક્યુ,જીજે-૧૨-ઈપી ,જીજે-૧૨ડીએલ ,જીજે-૧૨-ડીએન , જીજે-૧૨-ડીપી, જીજે-૧૨-ડીક્યુ,જીજે-૧૨-ડીઆર, જીજે-૧૨-ઈએ, જીજે-૧૨-ઈબી, જીજે-૧૨-ઈસી, જીજે-૧૨-ઈડી, જીજે-૧૨-ઈએફ, જીજે-૧૨-ઈજી, જીજે-૧૨-ઈએચ, જીજે-૧૨-ઈજે, જીજે-૧૨-ઈકે, જીજે-૧૨-ઈએમ, જીજે-૧૨-ઈએનનું રી-ઓકશન શરૂ કરવામાં આવનાર છે. ઓનલાઈન અરજી ૨૦/૦૪/૨૦૨૩, સમય સાંજે ૦૪ કલાકે શરૂ થશે . ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૨૨/૦૪/૨૦૨૩, સમય સાંજે ૦૪ કલાક સુધી રહેશે.

ઈ-ઓકશનની શરૂઆત તારીખ ૨૨/૦૪/૨૦૨૩, સમય સાંજે ૪ કલાક સુધી, ઈ-ઓકશન સમાપ્ત તારીખ ૨૪/૦૪/૨૦૨૩, સમય સાંજે ૪ કલાક સુધી થશે.

સુવર્ણ-ગોલ્ડન નંબર ફીના દર રૂ.૮૦૦૦, રજત-સીલ્વર નંબર ફીના દર રૂ.૩૫૦૦ તથા અન્ય નંબરોના ફીના દર રૂ.૨૦૦૦ રહેશે. જાહેર કરેલા નંબરોમાંથી જે નંબર ઓનલાઈન ઉપલબ્ધ હશે તે નંબર મેળવી શકાશે. પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકોએ તેમના વાહનોનું રજિસ્ટ્રેશન કરાવીને પસંદગીના નંબર મેળવા http://pari-vahan.gov.in/fancy પર નોંધણી, યુઝર આઈ.ડી અને પાસવર્ડ મેળવી વાહન વ્યવહાર કમિશરશ્રીની કચેરીના પરિપત્ર ક્રમાંક નં. આઈ.ટી./પસંદગી નંબર/ઓનલાઈન નોંધણી /૭૪૨૧ તા.૧૨/૧૦/૨૦૧૭ એપેન્ડીક્સ-એ(આ સાથે સામેલ છે)ની સૂચનાઓ મુજબ હરાજીમાં ભાગ લેવાનો રહેશે.

પસંદગીનો નંબર મેળવવા માટેની અરજી સેલ ઈનવોઈસની તારીખ અથવા વીમાની તારીખ એ બે માંથી જે વહેલું હોય તે તારીખથી ૭ દિવસની અંદર www.parivahan.gov.in વેબસાઈટ પરથી સીએનએ ફોર્મ ભરી લેવાનું રહેશે(પ્રોસેસ ફોલો સામેલ છે.) આવી અરજી કર્યાની તારીખથી ૬૦ દિવસ સુધી અમલી ગણાશે. આ રીતે ૬૦ દિવસમાં અરજદારશ્રી ચોઈસનો કોઈ નંબર નહી મેળવે અથવા ઉપલબ્ધ નંબરોમાંથી અરજદારશ્રીને પસંદગીનો નંબર ફાળવી શકાશે નહી. તો અરજી તારીખથી ગણતા ૬૦ દિવસ એટલે કે છેલ્લા દિવસે રજીસ્ટ્રેશન ઓથોરીટી દ્વારા રેન્ડમ પધ્ધતિથી નંબર ફાળવી દેવામાં આવશે. જેની સામે અરજદારશ્રી કોઈ વાંધો લઈ શકશે નહી.

ખાસ સ્પષ્ટતા કરવાની કે, આ ૬૦ દિવસની મર્યાદા અરજદારશ્રીને માત્ર વધુ ઓકશનમાં ભાગ લેવાની તક આપવાના હેતુથી આપવામાં આવી છે. ૬૦ દિવસની મર્યાદાના કારણે કામચલાઉ નોંધી પ્રમાણપત્રની ૩૦ દિવસની મર્યાદામાં વધારો કરવાની કોઈ જોગવાઈ નિયમોમાં કરવામાં આવેલી નથી. કામચલાઉ નોંધણી પ્રમાણપત્ર પુરૂ થયા બાદ તેમનું વાહન અનરજીસ્ટર્ડ ગણાશે તેમન નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

અરજદારશ્રીએ હરાજીની પ્રક્રિયા પુરી થયાના ૫ દિવસમાં બીડ અમાઉન્ટના નાણા જમાં કરાવવાના રહેશે. અરજદારશ્રી જો આ નિયત મર્યાદામાં નાણા ચૂકવવામાં નિષ્ફળ જશે તો મુળ ભરેલી રકમ(બેઝ પ્રાઈઝ)ને જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે, જેમાં અરજદારશ્રી કોઈ વાંધો લઈ શકશે નહી. ઓનલાઈન ઓકશન દરમિયાન અરજદારશ્રીએ આર.બી.આઈ. દ્વારા નક્કી કરેલા દરે ચાર્જ ચૂકવવાનો રહેશે. અસફળ અરજદારશ્રીએ રિફંડ માટે જે તે અરજદારશ્રીના ખાતામાં એસબીઆઈ ઈ-પે દ્વારા અત્રેની કચેરી દ્વારા પરત કરવામાં આવશે. તેવું પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

કચ્છ જિલ્લામાં બાળલગ્ન અટકાવવા વહીવટી તંત્ર કટીબધ્ધ વહીવટીતંત્રે ૯૮ બાળલગ્ન અટકાવીને સામાજિક બદી રોકવા સફળતા મેળવી

ભુજ,

ગુજરાત રાજયમાં બાળલગ્ન અટકાયત બાબતની કાર્યવાહીમાં કચ્છ જિલ્લો અગ્રેસર રહેલો છે. જાન્યુઆરી-૨૦૨૩થી માર્ચ-૨૦૨૩ અંતીત કચ્છ જીલ્લા મેજીસ્ટ્રેટને બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ ની કલમ-૧૩(૫) અન્વયે મળેલ સત્તાની રૂએ બાળલગ્ન અટકાયતી બાબતે કે બંધ રાખવા કેટલીક વધારાની સત્તાઓ હેઠળ વહીવટીતંત્રે સમૂહ લગ્નોમાં થનારા ૯૮ બાળલગ્ન અટકાવ્યા હતા તેમજ અન્ય બે કેસમાં ફોજદારી ફરીયાદ તેમજ મનાઈહુકમ મેળવીને કાર્યવાહી કરી હતી.જિલ્લામાં સમૂહ લગ્નોમાં બાળલગ્નની ફરીયાદ અન્વયે જિલ્લા મેજિસ્ટ્રેટના માર્ગદર્શન તળે અને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટના અધ્યક્ષ સ્થાન સમૂહલગ્નમાં થનાર બાળલગ્નોની ફરિયાદ બાબતે આયોજકો સાથે બાળલગ્ન ન કરવા બાબતે બેઠક કરી કાયદાની જરૂરી સમજો આપી તથા ન્યૂનતમ જરૂરી વગનો ઉપયોગ કરી અને કુલ-૩૦૨ સમૂહ લગ્નોના પાત્રો પૈકી કુલ-૯૮ બાળલગ્ન હોવાનું જાણવા મળતા આયોજકો દ્વારા જ વહીવટી તંત્રના પ્રયાસથી ઉંમર થયેથી જ લગ્ન યોજવા નકકી કરેલું . જયારે કુલ-૨૦૪ જેમની ઉમર કાયદાની જોગવાઈ મુજબ છોકરાની ૨૧ વર્ષ પૂર્ણ અને છોકરીની ૧૮ વર્ષ પૂર્ણ કરેલી હોય તેના જ આયોજકો દ્વારા લગ્ન કરાવાયા હતા.

બાળલગ્ન પ્રતિબંધક અધિકારી અને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, કચ્છ-ભુજ તથા કચ્છ જિલ્લા બાળ સુરક્ષા એકમની ટીમ દ્વારા સંકલિત અભિગમથી બાળલગ્નની સામાજિક બદી દૂર કરવામાં સફળ કામગીરી કરાઈ હતી. લગ્નો સિવાય એક બાળલગ્ન થયા બાદ ફરીયાદ મળતા તેમના વિરૂદ્ધ ફોજદારી ફરીયાદ દાખલ કરવામાં આવેલી છે. તેમજ એક બાળલગ્ન થવાના હોવાની ફરિયાદ મળતા વહીવટી તંત્ર દ્વારા બાળલગ્ન ન થાય તે માટે મનાઈ હુકમ મેળવવામાં આવેલો છે.

બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ની જોગવાઈ મુજબ છોકરાની ઉમર ૨૧ વર્ષ અને છોકરીની ઉમર ૧૮ વર્ષ પૂર્ણ ન કરેલી હોય તેવા લગ્નોમાં હાજર રહેનાર તમામ બન્ને પક્ષના પક્ષકારો, લગ્નની વિધિ કરનાર ગોર મહારાજ/મૌલાના, મંડપવાળા, કેટરીંગવાળા, ડી.જે. કે બેન્ડવાળા, લગ્ન કંકોત્રી છાપનાર વગેરેને બે વર્ષ સુધીની સજાની તથા એક લાખ સુધિનો દંડની પણ થઈ શકે છે. જેથી જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા કાયદાની કલમ-૧૩(૪) મુજબ અક્ષયતૃતિયા જેવા ખાસ દિવસોએ થતા મોટાપ્રમાણમાં લગ્નોમાં બાળલગ્નો ન કરવા બાબતે સમજ અને અટકાયતી વ્યવસ્થા માટે તમામ પ્રાંત અધિકારીશ્રીઓના કાર્યક્ષેત્ર મુજબ ટીમો બનાવી આવા લગ્નો ન થવા દેવા માટે પણ અલાયદુ આયોજન કરવામાં આવેલું છે. તેવુ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી કચ્છ, ભુજની અખબારી યાદીમાં જણાવવામાં આવેલું છે.

મુન્દ્રા તાલુકાના શિક્ષકોના વહીવટી તથા નાણાકીય પ્રશ્નો પૂર્ણ થતા આનંદની લાગણી વ્યક્ત કરતું શિક્ષક સમાજ

રતાડીયા (ગણેશવાલા),

વિસ્તારની દ્રષ્ટિએ વિશાળ એવા કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકાના અંતરિયાળ ગામોની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકોના વહીવટી અને નાણાકીય પ્રશ્નો તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી ઉમેશભાઈ રૂઘાણીના માર્ગદર્શન અને મુન્દ્રા તાલુકા પ્રાથમિક શિક્ષક સમાજના નેજા હેઠળ સો ટકા પૂર્ણ કરવામાં આવતા શિક્ષક સમાજમાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી. અગત્યના મુશ્કેલ પ્રશ્નોનો સો ટકા સકારાત્મક ઉકેલ આવતા હવે શિક્ષકો ચિંતા મુક્ત થઈને બાળકોના શિક્ષણ પ્રત્યે વિશેષ ધ્યાન આપી શકશે.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ત્રણ માસથી શાળા સમય બાદ શિક્ષક સમાજના મિત્રોએ શિક્ષકોના હાયર ગ્રેડ, વિદ્યા સહાયકોના હુકમો, એરિયસ બીલ, ન્યુ પેન્શન સ્કીમ એકાઉન્ટ, કુટુંબ પેન્શન અને અશક્ત બાબતની સર્વિસ બુકમાં નોંધ, તમામ પ્રકારની રજાઓના હુકમો અને જમા રજા નોંધ, ટ્રાન્સપોર્ટ એલાઉન્સ માટે આવેલી અરજીઓના હુકમો, વળતર રજાઓનું પ્રાપ્ત રજાઓમાં રૂપાંતરના હુકમો, બાહ્ય પરીક્ષા માટેની અરજીઓના હુકમો, પેન્શન કેસનો નિકાલ, વીમાની રકમ તથા ૩૦૦ દિવસની રજાનું રોકડમાં સ્વાંતર જેવી વિવિધ નોંધો સર્વિસ બુકમાં પૂર્ણ કરી અપડેટેડ ડુપ્લીકેટ સર્વિસ બુક તમામ શિક્ષકોને આપવા સહિત વ્યક્તિગત કે શાળાકીય કામો માટે આવેલી અરજીઓનું સકારાત્મક નિકાલ કરી સો ટકા કામગીરી પૂર્ણ કરેલ છે જે સંભવત જિલ્લામાં જ નહીં પરંતુ રાજ્યમાં પ્રથમ બનાવ હોવાનું ગૌરવ લેતા તાલુકા શિક્ષક સમાજના પ્રમુખ મનહરસિંહ ઝાલા, મંત્રી હિતેશભાઈ પટેલ અને સહમંત્રી સહદેવસિંહ જાડેજાએ આ ઉમદા કાર્ય પૂર્ણ કરવામાં સહકાર આપવા બદલ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી ઉમેશભાઈ રૂઘાણીનું સાલ ઓઢાડીને સન્માન કરતા આનંદ સાથે આભારની લાગણી વ્યક્ત કરી હતી. આ તબક્કે મુન્દ્રા તાલુકાના બંને બીટના જિલ્લા કેળવણી નિરીક્ષક અને કામગીરી સાથે સંકળાયેલા શિક્ષક મિત્રોનું પણ શિક્ષક સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

હેવી ગુડસ વાહનના પસંદગીના નંબર મેળવવા ગોલ્ડન, સિલ્વર નંબરોની સિરિઝનું ઓકશન કરાશે

ભુજ,

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, ભુજ - કચ્છની અખબાર યાદી મુજબ ગુડસ વાહનના ગોલ્ડન, સિલ્વર નંબરોની સિરિઝ જીજે-૧૨ સીટી ઓકશન શરૂ કરવામાં આવનાર છે. ઓનલાઈન અરજી ૨૦/૦૪/૨૦૨૩, સમય સાંજે ૦૪ કલાકે શરૂ થશે . ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૨૨/૦૪/૨૦૨૩, સમય સાંજે ૦૪ કલાક સુધી રહેશે. ઈ-ઓકશનની શરૂઆત તારીખ ૨૨/૦૪/૨૦૨૩, સમય સાંજે ૪ કલાક સુધી, ઈ-ઓકશન સમાપ્ત તારીખ ૨૪/૦૪/૨૦૨૩, સમય સાંજે ૪ કલાક સુધી થશે.

સુવર્ણ-ગોલ્ડન નંબર ફીના દર રૂ.૪૦૦૦૦, રજત-સીલ્વર નંબર ફીના દર રૂ.૧૫૦૦૦ તથા અન્ય નંબરોના ફીના દર રૂ.૮૦૦૦ રહેશે. જાહેર કરેલા નંબરોમાંથી જે નંબર ઓનલાઈન ઉપલબ્ધ હશે તે નંબર મેળવી શકાશે. પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકોએ તેમના વાહનોનું રજિસ્ટ્રેશન કરાવીને પસંદગીના નંબર મેળવા http:// parivahan. gov. in/fancy પર નોંધણી, યુઝર આઈ.ડી અને પાસવર્ડ મેળવી વાહન વ્યવહાર કમિશરશ્રીની કચેરીના પરિપત્ર ક્રમાંક નં. આઈ.ટી./ પસંદગી નંબર/ ઓનલાઈન ઓકશન /૭૪૨૧ તા. ૧૨/૧૦ /૨૦૧૭ એપેન્ડીક્સ-એ(આ સાથે સામેલ છે)ની સૂચનાઓ મુજબ હરાજીમાં ભાગ લેવાનો રહેશે.

પસંદગીનો નંબર મેળવવા માટેની અરજી સેલ ઈનવોઈસની તારીખ અથવા વીમાની તારીખ એ બે માંથી જે વહેલું હોય તે તારીખથી ૭ દિવસની અંદર www.parivahan.gov.in વેબસાઈટ પરથી સીએનએ ફોર્મ ભરી લેવાનું રહેશે(પ્રોસેસ ફોલો સામેલ છે.) આવી અરજી કર્યાની તારીખથી ૬૦ દિવસ સુધી અમલી ગણાશે. આ રીતે ૬૦ દિવસમાંઅરજદારશ્રી ચોઈસનો કોઈ નંબર નહી મેળવે અથવા ઉપલબ્ધ નંબરોમાંથી અરજદારશ્રીને પસંદગીનો નંબર ફાળવી શકાશે નહી. તો અરજી તારીખથી ગણતા ૬૦ દિવસ એટલે કે છેલ્લા દિવસે રજીસ્ટ્રેશન ઓથોરીટી દ્વારા રેન્ડમ પધ્ધતિથી નંબર ફાળવી દેવામાં આવશે. જેની સામે અરજદારશ્રી કોઈ વાંધો લઈ શકશે નહી.

ખાસ સ્પષ્ટતા કરવાની કે, આ ૬૦ દિવસની મર્યાદા અરજદારશ્રીને માત્ર વધુ ઓકશનમાં ભાગ લેવાની તક આપવાના હેતુથી આપવામાં આવી છે. ૬૦ દિવસની મર્યાદાના કારણે કામચલાઉ નોંધી પ્રમાણપત્રની ૩૦ દિવસની મર્યાદામાં વધારો કરવાની કોઈ જોગવાઈ નિયમોમાં કરવામાં આવેલી નથી. કામચલાઉ નોંધણી પ્રમાણપત્ર પુરૂ થયા બાદ તેમનું વાહન અનરજીસ્ટર્ડ ગણાશે તેમજ નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

અરજદારશ્રીએ હરાજીની પ્રક્રિયા પુરી થયાના ૫ દિવસમાં બીડ અમાઉન્ટના નાણા જમાં કરાવવાના રહેશે. અરજદારશ્રી જો આ નિયત મર્યાદામાં નાણા ચૂકવવામાં નિષ્ફળ જશે તો મુળ ભરેલી રકમ(બેઝ પ્રાઈઝ)ને જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે, જેમાં અરજદારશ્રી કોઈ વાંધો લઈ શકશે નહી. ઓનલાઈન ઓકશન દરમિયાન અરજદારશ્રીએ આર.બી.આઈ. દ્વારા નક્કી કરેલા દરે ચાર્જ ચૂકવવાનો રહેશે. અસફળ અરજદારશ્રીએ રિફંડ માટે જે તે અરજદારશ્રીના ખાતામાં એસબીઆઈ ઈ-પે દ્વારા અત્રેની કચેરી દ્વારા પરત કરવામાં આવશે. તેવું પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

મરણનોંધ

મુંબઈ : મુળ ડગાળા (તા.ભુજ) ના હાલે બોરીવલી મુંબઈ રહેતા મહેતા પ્રાણલાલ મણીલાલ (ઉ.૭૧ વર્ષ) તે મંજુલાબેનના પતિ, પ.પૂ.અનંતસિદ્ધવિજય મ.સા.ના સંસારી પિતા, સ્વ.માનવંતીબેન મણીલાલ પાનાચંદ મહેતા(ડગાળા-માંડવી) ના જયેષ્ઠ પુત્ર, સ્વ.ધનુબેન વિસનજી પટવા (મનફરા -ભુજ)ના જમાઈ, દિલિપ મહેતા (ભાયંદર -મુંબઈ) અને શ્રીમતી મનિષાબહેન મુકેશભાઈ ગાંધી (ભાયંદર-મુંબઈ)ના પિતા, દિનેસભાઈ શાહ (સામાજીક અગ્રણી-માંડવી) રમેશ મહેતા (માંડવી), ધીરજલાલ મહેતા (ભુજ)વર્ધમાન મહેતા (વર્ધમાન સાડી સેન્ટર-માંડવી) શ્રીમતી ભાનુબેન રમણીકલાલ દોશી (રાપર-અમદાવાદ), શ્રીમતી લાભુબેન દિનેસભાઈ દોશી (ભાયંદર-મુંબઈ), શ્રીમતી વસંતબેન દેવેન્દ્રભાઈ શાહ(અંજાર-કચ્છ), અને શ્રીમતી વિણાબેન દેવાંગભાઈ શાહ (માંડવી-મુલુન્ડ)ના મોટાભાઈ, જૈનમ દિલીપ મહેતા અને વિધી દિલીપ મહેતાના દાદા ,રિદ્ધી મુકેશ ગાંધી અને ચૈત્ય મુકેશ ગાંધી ના નાના,શ્રીમતી નિપાબેન દિલીપ મહેતા અને મુકેશ ભોગીલાલ ગાંધીના સસરા, પટવા ધીરજલાલ વિસનજી અને પટવા વિનોદ વિસનજી (નવસારી), કમળાબેન અમૃતલાલ ગાંધી (વર્ધમાનનગરભુજોડી), પ્રભાબેન ધરમશી જોટા (આણંદ), ચંપાબેન હિરાલાલ ગાંધી (ભુજ), અને ભાનુબેન ભોગીલાલ મહેતા (સુરત) ના બનેવી, તા.૧૧-૪-૨૦૨૩ ને મંગળવારના મુંબઈ મધ્યે અરિહંતશરણ પામેલ છે.

ગુજરાત સરકાર
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
જાહેરનામું

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩ નો 30 મો)

જિલ્લો:- કચ્છ — કેસ નં.૦૧/૨૦૨૩
ક્રમાંક:- અમ/નજ/૨૦૨૩-૪૯/જ.સં/૨૦૨૩/કચ્છ/૨૩/મ — તા. ૦૧/૦૪/૨૦૨૩

આ સાથેની અનુસૂચિમાં દર્શાવવામાં આવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે, નર્મદા યોજનાની કચ્છ બ્રાન્ચ કેનાલના બાંધકામ માટે જરૂર પડવાનો સંભવ છે, એવું ગુજરાત સરકારને જણાય છે.

૧. તેથી જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩ નો 30 મો) (જેનો આમાં હવે પછી " સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૨(૧) અન્વયે ગુજરાત સરકાર આથી ઉક્ત જમીનો ઉપરોક્ત આંતર માળખાકીય પ્રોજેક્ટના જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

૨. હવે જ્યારે ઉક્ત અનુસૂચિત જમીનમાં સુચિત પ્રોજેક્ટ નર્મદા યોજનાની કચ્છ બ્રાન્ચ કેનાલના બાંધકામ માટે જમીન સંપાદન માટેની દરખાસ્ત રજુ થયેલ છે, ત્યારે આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો અનુસૂચિ મુજબનો કુલ વિસ્તાર હે.૦૧-૭૪-૫૦ ચો.મી. છે, અને તે કચ્છ જિલ્લાના રાપર તાલુકાના ગામ સેલારીની હદમાં આવેલ છે.

૩. હવે જ્યારે, ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સદરહું સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ વિસ્તાર હે.૦૧-૭૪-૫૦ ચો.મી. જમીનને "સદરહુ અધિનિયમ" ના પ્રકરણ-૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હીતમાં આવશ્યક જણાય છે.

૪. તેથી "સદરહુ અધિનિયમ" ની કલમ-૧૦(એ) (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩) (ગુજરાત સુધારા અધિનિયમ-૨૦૧૬) (૨૦૧૬ નો ગુજરાત અધિનિયમ નં.૧૯ ની કલમ-૩ થી દાખલ કરેલ) થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં નર્મદા યોજનાની કચ્છ બ્રાન્ચ કેનાલના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી નીચે જણાવેલ અનુસૂચિમાં સમાવિષ્ટ થયેલ ક્ષેત્રફળ વિસ્તાર હે.૦૧-૭૪-૫૦ ચો.મી. જમીનને "સદરહું અધિનિયમ" ના પ્રકરણ-૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

-: અનુસૂચિ :-

કેસ નંબર:-૦૧/૨૦૨૩
તારીખ:-૦૧/૦૪/૨૦૨૩

જિલ્લો:- કચ્છ — તા:- રાપર — ગામ: સેલારી

બ્લોક નંબર/ સર્વે નંબર	જરૂરી જમીનોનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.)	જે જાહેર હેતું માટે જમીનની જરૂર છે તે જાહેર હેતું
૪૦૮	૦૧-૭૪-૫૦	સરદાર સરોવર નર્મદા નિગમ લી. હસ્તકની નર્મદા યોજનાની કચ્છ બ્રાન્ચ કેનાલના બાંધકામ માટે.
કુલ-૧	૦૧-૭૪-૫૦	

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
(મનીષ એચ.વોરા)
ઉપ સચિવ(જ.સં)
નર્મદા જળ સંપત્તિ અને પાણી પુરવઠા
અને કલ્પસર વિભાગ, ગાંધીનગર.

નામાનિ/કચ્છ/૪૪/૨૦૨

એસ.ટી.માં ઓનલાઈન બૂકિંગ ખાનગી પેઢીને અપાતા ભુજ વિભાગના એસ.ટી. કર્મચારી મંડળ, મઝદુર સંઘ, વર્કસ ફેડરેશન અને સંકલન સમિતિનો વિરોધ

ભુજ

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ અમદાવાદની મધ્યસ્થ કચેરીએથી ખર્ચ ઘટાડવાના હેતુથી ઓન લાઈન કાઉન્ટર બૂકિંગમાં ખાનગી પેઢીને કમિશનથી ઠેકો આપ્યો છે. જેનો ભુજ વિભાગના એસ.ટી. કર્મચારી મંડળ, મઝદુર સંઘ, વર્કસ ફેડરેશન અને સંકલન સમિતિએ વિરોધ કર્યો છે, જેમાં ભૂતકાળની ઘટનાને ટાંકીને ગેરરીતિની ભીતિનો તર્ક રજુ કર્યો છે.

કર્મચારી મંડળના મહામંત્રી રાજેન્દ્રસિંહ જાડેજા, મજદૂર સંઘના મહામંત્રી લોકેશ એમ. નાકર, પ્રમુખ વનરાજસિંહ જાડેજા, વર્ક ફેડરેશન મજુર મહાજનના મહામંત્રી મહેશભાઈ મહેશ્વરી, પ્રમુખ જયેશભાઈ ડી. ગોરે વિરોધમાં આવેદનપત્ર આપતા જણાવ્યું હતું કે, હાલમાં નિગમ એડવાન્સ બૂકિંગ ખૂબ જ સારી આવક કરે છે. નિગમના જ કર્મચારીઓ કામગીરી પણ સંતોષકારક કરી રહ્યા છે.

હાલના કર્મચારીઓનો પગાર એટલો નથી જેટલું કમિશન પ્રતિ બેઠકે ખાનગી પાર્ટીને આપવામાં આવશે, જેથી ખર્ચ બચાવવાના હેતુથી ખાનગી પેઢીને ઠેકો આપવો ઉચિત નથી. તેમણે વધુ તર્ક આપતા જણાવ્યું હતું કે, ભૂતકાળમાં ઓનલાઈન બુકિંગમાં ગેરરીતિ થઈ હતી. જેનું પુનરાવર્તન થવાની ભીતિ છે, જેથી નિગમને મોટું નુકશાન થશે.

તેમણે વધુ એક તર્ક આપતા ઉમેર્યું હતું કે, હાલ ફરજ બજાવતા કર્મચારી ફાજલ થશે,

જેથી કર્મચારીઓની નોકરીની શરતોમાં સેટલમેન્ટની જોગવાઈનો ભંગ કરી ફેરફાર થાય એવી શક્યતા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ઓન લાઈન અને કાઉન્ટર બુકિંગ ખાનગી પેઢીને અપાતા કમિશનથી મોટી રકમ ગુમાવવાનો વખત આવશે, જેથી ખર્ચ બચાવવાનો હેતુ બર નહીં આવે.

નખત્રાણાના સ્મશાનમાંથી લોખંડની ભારેખમ સગડીઓ ઉપાડી ગયા

નખત્રાણા

નખત્રાણાના નવાનગર વિસ્તાર ખાતે આવેલા મુક્તિધામ માંથી કોઈ તસ્કરો તેમાં રહેલી લોખંડની ભારેખમ સગડી અને તેના સ્પેરપાર્ટની ઉઠાતંરી કરી ગાયની ઘટના બહાર આવી છે. થોડા સમય પૂર્વેજ વન વિભાગ અને તત્કાલીન ગ્રામ પંચાયત કચેરી દ્વારા મૃતદેહને અગ્નિદાહ માટે બે વજનદાર સગડી વિકસાવવામાં આવી હતી. જેમાંથી એક સગડી અને તેંના સ્પેરપાર્ટ કોઈ નરાધમો ઉપાડી ગયાનું આજે સવારે જાહેર થયું હતું. આ કૃત્યથી લોકોમાં તસ્કરો પ્રત્યે ફિટકારની લાગણી ફેલાઈ છે. મુક્તિધામમાં ચોરીની ઘટનાને વિવિધ સમાજના આગેવાનોએ સખ્ત શબ્દોમાં વખોડી હતી અને આ મામલે ગુનેગારોને પકડી પાડવા પોલીસમાં ફરિયાદ આપવાની તજવીજ હાથ ધરી છે.

સ્મશાનમાં ચોરી થઈ હોવાની જાણ થતા નખત્રાણા નવા નગરના સામાજિક અગ્રણી જીતુભા જાડેજા, દાનુભા જાડેજા, સુરેશભાઈ જોશી, કરશનભાઈ સંગાર, ઘનશ્યામસિંહ જાડેજા સહિતનાઓએ ઘટના સ્થળે પહોંચી સ્મશાનની મુલાકાત લીધી હતી.

જ્યાં માલસામાન રાખવાના રૂમના તાળા તોડી નવી સગડી તેમજ મુક્તિધામમાં મૃતદેહને અગ્નિદાહ માટેની સગડીમાં તોડફોડ કરી ચોરી ગયા હોવાનું તેમના ધ્યાને આવ્યું હતું. આ સગડી ચોરવામાં મોટા વાહનનો ઉપયોગ થયો હોવાનું જીતુભા જાડેજા જણાવ્યું હતું. હજારો કિલો વજનની આ સગડી ઉપડી જતા હાલ સ્મશાનગ્રહ સગડી વિનાનું બની ગયું છે. આ બાબતની પોલીસ સ્ટેશનને ફરિયાદ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. નખત્રાણા નવાનગરના સ્મશાનગ્રહ માંથી અંદાજિત ચાર થી પાંચ દિવસ પૂર્વે આ ચોરી થઈ હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

લોકોનું કહેવું છે કે આ વિસ્તારમાં દારૂડિયા તત્વો તેમજ રાત્રે રખડતા નિશાચરો દ્વારા આ કૃત્ય કરાયું હોઈ શકે. અલબત્ત હોવાનું અનુમાન મળ્યું હતું સ્મશાનમાં લાકડા રાખવાનો રૂમ તોડી સગડીમાં તોડફોડ કરી તેના વજનદાર પાર્ટ લઈ જવાતા જીતુભા જાડેજા તેમજ દાનુભા જાડેજાએ આ વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ વધારવાની માગ કરી હતી.

અબડાસાના જખૌથી ૧૦ કિલોમીટર દૂર ઓગાત્રા બેટ પરથી ચરસનું પેકેટ મળી આવ્યું

ભુજ

પશ્ચિમ કચ્છના સરહદી દરિયાઈ વિસ્તારોમાંથી અનેક વખત બિનવારસી હાલતમાં માદક પદાર્થના પેકેટો સલામતી દળોને સમયાંતરે મળતા રહ્યા છે. ત્યારે બે દિવસ પૂર્વેજખૌથી ૫ કિલોમીટર દૂરના દરિયાઈ વિસ્તારમાંથી **BSF**ને નવા પેકિંગ ધરાવતા ચરસના ૧૦ પેકેટ મળી આવ્યા બાદ આજે ફરી જખૌથી ૧૦ કિલોમીટર દૂર ઓગાત્રા બેટ પરથી ચરસનું એક પેક્ટ મળી આવ્યું હતું. પેકેટ મળી આવતા સલામતી દળ દ્વારા સઘન તપાસ કામગીરી હાથ ધરવામાં આવી છે. પકડાયેલા પેકેટના પ્લાસ્ટિક કવર ઉપર અંગ્રેજી ભાષામાં અફઘાન પ્રોડક્ટ લખેલું છે. આ પેકેટો પાકિસ્તાન તરફથી સમુદ્રી લહેરો મારફતે તણાઈ આવતા હોવાનું બોર્ડર સિક્યોરિટી ફોર્સની સત્તાવાર યાદીમાં જણાવાયું હતું.પશ્ચિમ કચ્છના સરહદી અબડાસા, લખપત અને માંડવી તાલુકાના દરિયાઈ વિસ્તારમાંથી આ પૂર્વે અનેક વખત બિનવારસી હાલતમાં માદક પદાર્થના પેકેટો સલામતી દળોને પેટ્રોલિંગ દરમિયાન મળી આવ્યા છે. ખાસ કરીને લખપત અને અબડાસાના દરિયાઈ વિસ્તારમાં આ પ્રકારના પેકેટો **BSF**ને અવારનવાર મળતા રહે છે. ત્યારે લાંબા અંતરાલ બાદ ફરી એક વખત કચ્છની સમુદ્રી સરહદ નજીક વિદેશી બનાવટ ધરાવતા ચરસના પેકેટ મળવાનો સીલસીલો શરૂથયો હોય તેમ માત્ર ત્રણ દિવસના સમયગાળામાં બે વખત ચરસના પેકેટ સલામતી દળોના જવાનોને મળવા પામ્યા છે. આજની ઘટના બાદ તલાસ અભિયાન તેજ કરવામાં આવ્યું હોવાનું સુરક્ષા દળે જણાવ્યું હતું.

જીજ્ઞેશદાદાની વ્યાસપીઠે કથા યોજાશે

ભચાઉના છાડવાડામાં ભાગવત કથા પ્રસંગે જીવદયાના કાર્યનો પ્રારંભ

ભચાઉ

ભચાઉ તાલુકાના છાડવાડા ગામે આજથી પ્રખર ભગવતાચાર્ય જીજ્ઞેશ દાદાના વ્યાસાસને શ્રીમદ્ ભાગવત કથાનો પ્રારંભ કરવામાં આવશે.

આ નિમિતે આયોજક દ્વારા કથા પૂર્વેજ જીવદયાના કાર્યોની શરૂઆત કરવામાં આવી છે અને કથા મંડપ નજીક જીવદયા હેતુ ગાયોને લીલા અને સૂકા ઘાસચારાનું નીરણ નાખવામાં આવી રહ્યું છે.

કથા દરમિયાન ધર્મદા ખાતે થનાર આવક પણ જીવદયાના કાર્યોમાં ખર્ચ કરવામાં આવશે. કથા સમય સવારના ૯ થી બપીરના ૧ વાગ્યા સુધીનો રહેશે. તો કથા દરમિયાન રમતારામ સાધુ મહાત્માઓ માટે પણ જમવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

છાડવાડાના માજી સરપંચ રામજી સ્વાભાઈ ચાવડા દ્વારા પુત્ર સ્વ. અનિલની સ્મૃતિમાં આ ભાગવત કથાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જાણીતા કથાકાર જિજ્ઞેશદાદા (રાધે રાધે)ના વ્યાસાસને કથા યોજાશે. ભચાઉ-સામખિયાળી ધોરીમાર્ગ ઉપર વોંધ રેલવે સ્ટેશનની સામેના રામદેવપીર મંદિર અને જૈનોના નમસ્કાર તીર્થ નજીક કથા યોજાશે.

આ આયોજન થકી ગામ ગોકુળ બની ગયું છે. ૨૦ એકર જમીનમાં રામજીભાઈના ફાર્મ હાઉસ નજીકની જગ્યાએ ૧૦ એકરમાં કથા મંડપ અને ભોજન સહિતની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

ગરમીનો સમય હોઈ ફૂલર સહિતની વ્યવસ્થા પણ વિકસાવવામાં આવી છે.

છાડવાડાનો આહીર સમાજ કથા દરમ્યાન વ્યવસ્થામાં ઉપયોગી બનશે. કથા નિમિતે ગામને તોરણ, રંગરોગાન, રોશનીના શણગારથી ગોકુળ વૃંદાવન જેવું બનાવવા પ્રયાસ કરાયો છે. તો ૧૦ એકર જેવી વિશાળ જગ્યામાં પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. આજે શુક્રવાર સવારે પોથીયાત્રા નીકળયા બાદ બપોરે ૩ વાગ્યે જંગી મેકરણના અખાડાના મહંત વેલજી રાજા દીપપ્રાૉ કરી કથાનો આરંભ કરાવશે. તા. ૧૫થી સવારે ૯થી ૧ વાગ્યા દરમ્યાન કથા યોજાશે.

ગાંધીધામમાં ગંદુ પાણી ઢોળવાની ના પાડતા વેપારી પર લાકડી વડે હુમલો

ગાંધીધામ

ગાંધીધામના વોર્ડ-**12/C**માં આવેલી યોગેશ બિલ્ડીંગમાં ઉપરના માળે આવેલી ઓફિસમાંથી ગંદુ પાણી ઢોળવાની ના પાડનાર સિંધી વેપારીને તે ઓફિસમાં કામ કરતા ચાર જણાએ લાકડી વડે મારમારી ગંભીર ઈજા પહોંચાડી હોવાની ફરિયાદ એ-ડિવિઝન પોલીસ મથકે નોંધાઈ છે.આ અંગે મળતી માહિતી મુજબ અપનાનગરમાં રહેતા અને વોર્ડ-**12/C**માં આવેલા યોગેશ બિલ્ડીંગમાં નીચે દુકાન ધરાવતા ૫૮ વર્ષીય મહેશ નાથુરમલ ચંદનાનીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તા.૧૨/૦૪/૨૦૨૩ ના રોજ બપોરે સવા વાગ્યે તેઓ પોતાની ઓફિસે હતા. દરમિયાન તેમની ઉપરના માળે આવેલી સ્વસ્તિક ઓફિસમાંથી નીચે ગંદુ પાણી ઢોળતાં તે તેમની એક્ટિવા ઉપર પડતાં તેમણે પાણી ઢોળવાની ના પાડી તો તે ઓફિસના ચાર જણાએ તેમને લાકડી વડે મારીમારી આંખ પાસે તેમજ હાથમાં ફ્રેક્ચર સહિતની ઈજા પહોંચાડી હોવાનું તેમણે ફરિયાદમાં જણાવ્યું હતું.

મહેશ નાથુરમલ ચંદનાની પોતાની ઓફિસે હતા. ત્યારે તેમની ઉપરના માળે આવેલી સ્વસ્તિક ઓફિસમાંથી નીચે ગંદુ પાણી ઢોળતાં તે તેમની એક્ટિવા ઉપર પડતાં તેમણે પાણી ઢોળવાની ના પાડી તો તે ઓફિસના ચાર જણાએ તેમને લાકડી વડે મારમારી આંખ પાસે તેમજ હાથમાં ફ્રેક્ચર સહિતની ઈજા પહોંચાડી હોવાનું તેમણે ફરિયાદમાં જણાવ્યું હતું. ઘટનાના પગલે મહેશ આહુજા, દેવ મોહનાની, લલિત દલવાની, વિનય ભાટિયા સહિતના સિંધી અગ્રણીઓ ઈજાગ્રસ્તની વહારે દોડી આવ્યા હતા, પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

કચ્છ યુનિવર્સિટીની બીજા તબક્કામાં પરીક્ષા વિભાગનો ત્રીજો ગંભીર છબરડો સામે આવ્યો : ત્રીજી વખત ગંભીર ભૂલ સામે આવી

ભુજ

કચ્છ યુનિવર્સિટી ગરબડ યુનિવર્સિટી બની ગઈ હોય તેમ દિવસ ઉગે ને અહીં છબરડા/વિવાદ સામે આવતા હોય છે તેમાંય આ વખતે બીજા તબક્કાની પરીક્ષામાં ત્રીજી વખત ગંભીર ભૂલ સામે આવી છે.ગુરુવારે બીએ સેમેસ્ટર ૪ માં બીજી પેપર આપી દેવામાં આવતા દોઢ કલાક સુધી વિદ્યાર્થીઓએ રાહ જોઈ પણ નવું પેપર ન અપાતા આખરે છાત્રોની માંગણી મુજબ પરીક્ષાને મોકૂફ રખાઈ હતી.યુનિવર્સિટીમાં ચાલી રહેલી એક્સ્ટર્નલ **BA** સેમેસ્ટર ૪ની પરીક્ષામાં ગુરુવારે સોશિયોલોજી થીંકરનું (**OESO48**) પેપર લેવાનું હતું પણ કલાસરૂમમાં વિદ્યાર્થીઓને સોશિયોલોજી ફેમિલીનું પેપર આપી દેવાયું હતું.જેને લઈને વિદ્યાર્થીઓએ હોબાળો કર્યો હતો જેથી પરીક્ષા વિભાગે ભૂલ ધ્યાને આવતા પેપર પાછા લઈ લીધા હતા.

પણ પોતાની ભૂલ છુપાવવા હાથથી લખેલુ પેપર ન આપી અંદાજે દોઢ કલાક સુધી છાત્રો એમ જ બેઠા હતા.દરમ્યાન એબીવીપીના કાર્યકર્તાઓ પહોંચી ગયા અને વિદ્યાર્થીઓની માંગણી ઉગ્ર સ્વરૂપે રજૂ કરતા આખરે પરીક્ષા નિયામકે ભૂલ સ્વીકારી ગુરુવારની પરીક્ષા રદ જાહેર કરી આ પેપર ૧૮ તારીખે સવારે ૧૦:૩૦ થી ૧:૩૦ સુધી યુનિવર્સિટીમાં લેવાનો પરિપત્ર કરાયો હતો.

મહત્વનું છે કે,એક્સ્ટર્નલ પરીક્ષાનું કેન્દ્ર માત્ર યુનિવર્સિટીમાં છે અને આ પરીક્ષામાં મોટાભાગની વિદ્યાર્થનીઓ હતી ૩ થી ૬ નો સમયગાળામાં પરીક્ષા ન લેવાઈ અને પેપરની માથાકુટથી વિદ્યાર્થીઓના મોરલ ડાઉન થવા સાથે રાતે મોડું થવાનું હોઈ વિધાર્થીઓએ જ પરીક્ષા આપવોનો ઈન્કાર કર્યો હતો.જે માંગ યુનિવર્સિટીએ સ્વીકારી હતી.આ બાબતે પરીક્ષા નિયામકનો સંપર્ક કરતા થઈ શક્યો ન હતો.

ગાંધીધામમાં બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ઉમંગભેર ઉજવણી કરાઈ

ગાંધીધામ

ગાંધીધામના ઓસ્લો સર્કલ ખાતે રાજકીય પક્ષો, વિવિધ સંગઠનો તથા કંડલા પોર્ટ ડોક લેબર જીઝ/જી યુનિયન દ્વારા ડો.આંબેડકરની પ્રતિમાને ફુલહાર કરી પુષ્પાંજલિ અપાઈ હતી. ડો.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતી નિમિત્તે શહેરના ઓસ્લો સર્કલે ડો. આંબેડકરની પ્રતિમાએ હારારોપણ કરવા માટે સવારથી જ ભીડ ઉમટી હતી. રાજકીય પક્ષો, વિવિધ સંગઠનોએ ડો.આંબેડકરની પ્રતિમાને હાર પહેરાવી 'બાબાસાહેબ આંબેડકર અમર રહો'ના નારા લગાવી ઉમંગભેર ઉજવણી કરી હતી.કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. બંધારણના ઘડવૈયા અને જ્ઞાનના પ્રતીક એવા બાબાસાહેબ ડો. ભીમરાવ આંબેડકરની જન્મ જયંતીની રાજકીય પક્ષો, જુદી જુદી સંસ્થા-સમાજોએ ઉજવણી કરી હતી. શહેરના આંબેડકર સર્કલ ખાતે મહામાનવ એવા બાબાસાહેબની પ્રતિમાને હારારોપણ કરી સૂત્રો પોકારી તેમની જન્મ જયંતી ઉજવવામાં આવી હતી.આ પ્રસંગે કંડલા પોર્ટ ડોક લેબર જીઝ/જી યુનિયનના હોદ્દેદારો, રાજકીય આગેવાનો, દલિત સમાજના આગેવાનો અને વિવિધ સંગઠનોના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : જયેન્દ્ર ઉપાધ્યાયે વિશાલ પ્રિન્ટરી, ભુજમાં છાપી ચંચળ કાર્યાલય, લાલ ટેકરી, ભુજમાંથી પ્રગટ કર્યું તંત્રી-મુદ્રક-પ્રકાશક અને માલિક : જયેન્દ્ર ઉપાધ્યાય મુદ્રક સ્થાન : વિશાલ પ્રિન્ટરી, ભુજ. ફોન નં. ૨૫૨૯૪૨-૪૩, મો. ૯૪૨૭૭૧૩૨૫૧ Email : chanchal61@yahoo.com ગાંધીનગર ઓફીસ : ૭૦૨, સાતમા માળે, અખબાર ભવન, ગાંધીનગર, ફોન : ૨૯૭૫૦૦૮૩